# દેશ વિદેશ


અમારું બોરતળાવ અશોક મેઘાણી

ગુજરાતી લિટરરી અકાદમી
ઓફ નોર્થ અમેરિકાનું મુખપત્ર
ઓક્ટોબર ૨૦૦૩

| સુચિ | | |
|---|---|---|
| અમારું બોરતળાવ | અશોક મેઘાણી | ૧ |
| ગુજરાત મારી મારી રે | પ્રીતિ સેનગુપ્તા | ૨ |
| ખાલીપો | ઈંદ્ર શાહ | ૩ |
| પ્રાર્થના | પ્રીતમ લખલાણી | ૪ |
| એકાંત | જયશ્રી મરચંટ | ૪ |
| અશ્રુજળ | જયશ્રી મરચંટ | ૪ |
| સૃષ્ટિ નમણી | મનુ નાયક | ૪ |
| મારો આપનો એવો પ્રેમ | વિરાફ કાપડિયા | ૫ |
| મુક્તક | અશોક પટેલ | ૫ |
| કોણ આવશે? | ગિરીશ વૈદ્ય | ૫ |
| ’નોરતાંના રાસ’ | રેખા શુક્લ | ૬ |
| લેડી વિથ અ ડોટ | પન્ના નાયક | ૬ |
| ગૃહકંપ | નીતિન ત્રિવેદી | ૮ |
| બાઉન્ડરીઝ | દિગીશ મહેતા | ૧૦ |
| એક વાર ગોકુળમાં | જયન્ત પાઠક | ૧૧ |
| અખંડ આનંદ | સુચી વ્યાસ | ૧૧ |
| મહેન્દ્ર મેઘાણી | અશોક વિદ્વાંસ | ૧૧ |
| ડિટ્ટો | કિશોર રાવળ | ૧૨ |
| બીચ પર | આદિલ મન્સૂરી | ૧૩ |
| ગૌરવની વાત | ભોળાભાઈ પટેલ | ૧૩ |
| થોડી નોંધ | | ૧૫ |
| સંપાદકો તરફથી | | ૧૫ |
| પ્રમુખનો પત્ર | રામ ગઢવી | ૧૬ |

# ગુજરાત મારી મારી રે

પ્રીતિ સેનગુપ્તા વ્હાઈટ પ્લેઈન્સ, ન્યુ યોર્ક

આપણા દેશના નકશામાં ગુજરાતનો આકાર જાણે આવકારમાં જોડેલા બે હાથ જેવો લાગે છે. એનો લાંબો, અટકાવ વગરનો સમુદ્ર-કિનારો સદીઓથી અન્ય પ્રજાને આવકારતો, અન્ય હકુમતોને આકર્ષતો રહ્યો છે. સાથે જ, આ મુક્તતાએ પ્રજાને સાહસી અને સાગરખેડુ પણ બનાવી. અહીં તો સહેલાણીઓમાં પસંદ એવી સાગર-કાંઠા પરની કેટલીક જગ્યાઓને યાદ કરું - ઉદવાડા, ઉભરાટ, તિથલ, તથા હજી પણ હવામાં એક જુદી જ છાંટ લઈને રહેલા દીવ અને દમણના સુંવાળી રેતી અને પાતળી નારિયેળીઓથી આકર્ષતા તટ.

ચોરવાડ પણ અત્યંત લોકપ્રિય છે. પણ ત્યાંનો અરબી સમુદ્ર ઉછાંછળો ને તોફાની છે. પહેલી વાર ત્યાં ગઈ ત્યારે તો એનું મનસ્વીપણું કિનારે ઊભા રહીને જ જોયેલું, પણ બીજી વાર એક કામ માટે ત્યાં જવાનું થયું. ગામની સ્ત્રીઓને મેં ગામની બજારે કાળાં કપડાં પર લાલ ઓઢણી સુંદર રીતે વીંટાળીને જતી આવતી જોયેલી, તેથી એમના માનમાં મેં પણ કાળાં વસ્ત્ર પહેર્યાં, અને ગળામાં લાલચટક સ્કાર્ફ લગાવ્યો.

કિનારા પરની કાળી શિલા ઉપર, છેક એને છેડે મારે બેસવાનું હતું. આમેય આખી શિલા મોજાંના છંટકાવથી ભીની અને લપસણી થયેલી હતી ને પછી તો સમુદ્ર વધારે ચંચળ બનતો લાગ્યો. મોજાં વધારે ઊંચાં થયાં, વધારે જોરદાર થયાં. હું સાવ ભીની તો થઈ જ ગઈ, પણ મને લાગ્યું કે એ સાગર ખરેખર મને ઘસડીને લઈ જવા માગતો હતો. થોડા સ્થાનિક લોકો ભેગાં થઈ ગયાં હતાં. એમાના એક પુરુષે છેવટે કહ્યું કે, "તમે લાલ રંગ ઓઢ્યો છે એટલે પાણી તમારા ત રફ આમ ખેંચાઈ આવે છે."

આ બાબતની મને ખબર નહોતી, પણ આ અનુભવ પરથી એ સમજૂતી જરૂર સાચી લાગી. એ પછી સાગરની મૈત્રીભરી છેડતી કરવાની, કે લાલ રંગથી એને લલચાવ્યા કરવાની હિંમત ના રહી! ચોરવાડથી પચીસેક કિ.મિ. દૂર સોમનાથનું વિખ્યાત શિવાલય અને દરિયા-કિનારો આવે. એના મોટા, સૂકા, ખાલી, વૃક્ષવિહીન ચોગાનમાં એ મંદિર મને બહારથી બહુ સૂનું લાગે. પણ અંદર જઈએ એટલે આ ખ્યાલ ભૂલાઈ જાય. કાંઠા પરનાં મોજાં લાગે તો ભૂલકાં જેવાં નાનાં નાનાં અને નિર્દોષ, પણ ત્યાંયે મઝધારમાં થઈને આવતું ખેંચાણ તો ખરું જ.

ચોગાનની દીવાલ પાસે એક સોટા પર તીરના આકારનું પાટિયું મૂકેલું છે! એના પર લખ્યું છે, "દક્ષિણ ધ્રુવ". કહે છે કે એ જગ્યા અને ધ્રુવપ્રદેશની વચ્ચે કોઈ અંતરાય નથી. છે કેવળ અનંત અર્ણવ. હિમાચ્છાદિત, અલૌકિક જેવા એ પ્રદેશમાં હું ગઈ છું - જો કે ભારતને કિનારેથી નહીં, પણ આર્જેન્ટિનાને દક્ષિણ કિનારેથી - ને તેથી એ તીર દ્વારા દર્શાવાતી દિશા તરફ તાકી રહેવાનું મને ઘણું ગમ્યું. એન્ટાર્ક્ટિકાનાં અદ્‌ભુત દૃષ્ય યાદ આવી ગયાં.

ઉત્તર ગુજરાતમાં આવેલું પાટણ શહેર કેટલું બધું વિશિષ્ટ છે. ત્યાંનાં કોતરણીવાળાં ઘરો ઉપર પુસ્તકો લખાયાં છે. ત્યાં ઘેરા રંગો અને ચળકતા પોતવાળું 'ગજી'નું કાપડ બને છે, જે મેં છેક ઉઝ્બેકીસ્તાન, ટર્કી, જોર્ડન અને સિરિયા જેવા દેશોમાં પણ જોયું છે. હું માનું છું કે મોગલ સલતનતની સાથે એ ફરતું ફરતું, આપણા ગુજરાતમાં, ઉઝ્બેકીસ્તાનથી આવ્યું હોવું જોઈએ. પાટણ ગામની જરાક જ બહાર આવેલી 'રાની કી વાવ' તો ભુલાય જ નહીં. આજે પણ તેનો ઊંડે જતો ગર્ભ ઠંડક અને હાશકારો આપી રહે છે, અને એની દીવાલો, કમાનો, સ્તંભિકાઓ ઉપરની કોતરણી અફલાતૂન છે.

પાટણની સૌથી વધારે ખ્યાતિ કદાચ ત્યાંના પટોળા-વણાટને કારણે હશે. એ કેવળ હુન્નર નથી, પણ ઉચ્ચ કક્ષાની કળા છે. આ વણાટમાં તાણા તથા વાણાને અત્યંત ચોકસાઈ અને ગણિતના નિયમો પ્રમાણે બાંધવામાં, ને રંગી લેવામાં આવે છે. તે પછી એમને શાળ પર ચઢાવાય છે, ને છેવટે વણાટ-કામ શરૂ થાય છે, જેમાંથી અપૂર્વ-સુંદર, લાક્ષણિક ડિઝાઈન છતી થતી જાય છે. રાષ્ટ્રીય હસ્તકળાકારનો ખિતાબ પામેલા છોટુભાઈને મળવા અને ઘણા શ્રમપૂર્વક સર્જાતી આ કળા જોવા એક વાર હું ખાસ પાટણ ગઈ હતી. આ જોવાનો પણ લહાવો છે, ને આ કળાના જાણકારમાં હવે ત્યાંનું એક જ કુટુંબ રહેલું ગણાય છે. એક એક સાડી તૈયાર થતાં છથી બાર મહિના થાય છે, ને કિંમત તો હવે પૂછતાં જ નહીં.

ગુજરાતમાં હિલ-સ્ટેશન કહેવાય એવું પર્વતીય સ્થળ તો એક સાપુતારા જ છે, પણ જેનાં શિખર પર જાત્રા માટેનાં તથા જોવાલાયક મંદિરો હોય તેવા બીજા ઘણા પહાડો છે. દા.ત. પાવાગઢ, કે જેના પર ભદ્રકાળી અને મહાકાળી વિરાજમાન છે; પાલીતાણા, કે જ્યાં નવસો વર્ષ સુધી જૈન મંદિરો બંધાતા રહ્યાં, અને સંગેમરમરના બનેલાં એટલી જ સંખ્યાના એના ઘુમ્મટો ને શિખરાકારો શેત્રુંજય પર્વત પર અદ્વિતીય દૃશ્ય સર્જે છે.

એવી જ રીતે, ગિરનાર. એની ટોચ પર જાત્રાધામ, એની આસપાસનાં જંગલોમાં સિંહના ડેરા, અને એની તળેટીમાંના જૂનાગઢ ગામના કવિ નરસિંહ મહેતા, જેમના ભાવનાપૂર્ણ ગીતો વહેલી સવારથી ગુજરાતભરનાં ચિતમાં રમતાં ને રટાતાં રહે છે. જેરૂસલેમમાં ચાલતાં યાદ આવે કે ઇશુ આ જ ગલીઓમાં ચાલ્યા હતા ને જે રોમાંચ થ ાય તેવો જૂનાગઢમાં ફરતાં પણ થઈ આવે છે. ને ગીરના ગાઢ જંગલમાં, ખાખરાનાં સૂકાં પાન પર થઈને ચાલતી એક એકલી સિંહણની સ્વ-સ્થિતતા મને પણ કશું શીખવા પ્રેરી ગઈ હતી.

ગુજરાતના ગામે ગામે કશું ને કશું જાણવાનું, જોવાનું મળતું રહે છે. કેટકેટલાંને યાદ કરું અહીં? છતાં અહીં કચ્છ-વિસ્તારનો જરાક ઉલ્લેખ કરું જ.

કચ્છમાં શું નથી? લીલું રણ, સૂકું રણ, સાગર-કાંઠો, ખારોપાટ, ધુડખર પ્રાણીના ધણ; ફ્લેમિંગો, પેલિકન વગેરે પંખીની વાર્ષિક વસાહતો; જાત જાતની હસ્તકળાઓ, અને વળી, ખમીરવંતા ગામના 'સૂફ' ભરતમાં કુશળ દયાબેન, નાડપ્પાનાં 'આહીર' ભરત કરતાં રાણીબહેન, ધોરડોમાં લાકડાકામ માટે જાણીતા ગુલબેગમિયાં, નખત્રાણાના ખડી-કામને કારણે રાષ્ટ્રીય બિરૂદ પામેલા ગફુરભાઈ વગેરે હસ્તકલાકારોને કેટલી બધી વાર મળવાનું બન્યું. જેમને ઘેર જઈએ ત્યાં ચહા, કે છાશનો આગ્રહ થાય. સામે આપણે એમની તૈયાર એવી સામગ્રી શોખથી ખરીદી લઈએ.

ઘરો તો એવાં ગમે. લુડિયા જેવાં ગામમાં બહારની દીવાલોને ચીતરવાનો રિવાજ, તો નિરોણામાં અંદર આભલાં ચોંટાડેલાં જોવા મળે. ઢૂંઢાવારી વાંઢ તો રેતીના રણની વચ્ચે. ત્યાંના ઘરોની ચોતરફ, ને ચોતરા પર ચૂનાથી સફેદ, સાદા પટ્ટા ચીતર્યા હોય. સાથે કન્યાઓની લાલ કે લીલી ચૂંદડી જોવા મળે.

અંદર અને બહારથી ઘરો ખૂબ ચોખ્ખાં હોય, ને તોયે ગૃહિણી દિવસમાં બે વાર કચરો વાળતી દેખાય. મોટા ભાગના જણ ફોટા પડાવવા તૈયાર હોય. સુંદર ચહેરા, ચમકતી આંખો. એક ગામમાં બે

ભાઈઓએ એમની વહાલી પાડી સાથે ફોટો લેવડાવ્યો. પછી મને કહે, "બહેન, ફોટો જરૂર મોકલજો." એમની પાડીનું નામ હતું રૂપા.

ત્રીજી વાર કચ્છ ગઈ ત્યારે ગાંધીધામનાં સહૃદયી મિત્રો ચિંતન અને ધૃતિ મને ખાસ ઉત્તરે મીઠાના રણની વચ્ચે આવેલા ખદીર ટાપુ પર લઈ ગયાં હતાં. એના પર ધોળાવીરાના અવશેષો છે, કે જે મોહેં-જો--દેરોથી પણ પ્રાચીન ગણાય છે. પાંચ હજારથી પણ વધારે વર્ષ પહેલાં ધોળાવીરા ધીકતું બંદર હતું. આજે ત્યાં એક તરફ થીજેલા બરફ જેવો દેખાતો મીઠાનો દરિયો છે અને બીજી તરફ પીળચટ્ટી, સૂકી જમીન છે. ને તોયે, ધોળાવીરાના પ્રાચીન બજારના રસ્તાના છેડા તરફ, ટેકરીના નીચલા ઢાળની દિશામાં તમે જુઓ તો ત્યાં દરિયો હોય - અથવા હશે - એવું જરૂર લાગે - હજીયે.

અમદાવાદની પાસેનું એક સુંદર સ્થળ તે મોઢેરાનું સૂર્ય-મંદિર છે. અગિયારમી સદીમાં સોલંકી રાજા ભીમદેવે એ બંધાવેલું. એના દરેકે દરેક પાષાણ પર ભરચક કોતરણી કરેલી છે. દેશના પૂર્વ કિનારે, ઓરિસ્સા રાજ્યના કોનાર્ક સ્થાને પણ એક સૂર્ય-મંદિર છે. ત્યાંનો ગર્ભમંડપ પણ ખાલી છે. સૂર્યની મૂર્તિ ત્યાં પણ નથી રહી. મોઢેરાના મંદિરની ઓથે રાજ્ય સરકારે ત્રણ રાતનો નૃત્યોત્સવ યોજવા માંડ્યો છે - જાન્યુઆરીના અરસામાં દેશનાં જાણીતાં નૃત્યકારોને એમનાં જૂથ સાથે ત્યારે આમંત્રવામાં આવે છે. મંદિર પર ફ્લડલાઈટ પ્રસરેલી હોય છે, અને પાસેના જળકુંડનાં લાંબા અનેક સોપાનો પર હજારો પ્રદીપ ઝગમગતા હોય છે.

સૂર્યાસ્તનું આકાશ જ્યાં કેસરી થઈ જતું હોય છે તેવું સ્થળ છે નળસરોવર. પાતળાં ઘાસની વચ્ચે થઈને હોડી સરકતી હોય - નિ:શબ્દે, કે જેથી સારસ, ફ્લેમિંગો, પેલિકન વગેરેને દખલ ના પહોંચે. થોડી ઘડી બધું સ્તબ્ધ થઈને રહે, પણ પછી, ઊડવા માંડતાં પંખીનાં ટોળાંનો ગુલાબી, સુંદર રંગ સુંદર લિસોટા બની જાય. આપણે કશુંક ગણગણીએ. "વાહ, કેવું સરસ," કે એવું કંઈક!

ને અમદાવાદ? જે પ્રાણ-સમાન હોય, જે પરમ પ્રેમનું ભાજન હોય, જેના સુખદુ:ખની અસર હંમેશા મન પર પહોંચતી હોય, ને જેના વાંક-ગુના માટે મન જીવ બાળતું રહેતું હોય - તેને માટે શું કહેવું? હું એટલું જ કહી શકું કે અમદાવાદ મારું છે, એના બધા રસ્તા પર ચાલવાનો મને હક્ક છે, ત્યાં જિંદગીભર રહીને બનાવેલાં સર્વમિત્રોને હું એક સરખી રીતે સન્માની શકું છું. ને મારી સૌથી ગમતી જગ્યા કઈ છે તે કહેતાં હું સંકોચાઈશ નહીં - એ ગાંધી-આશ્રમ છે, અને ભૂલાયેલો, ધૂળિયો, રસ્તાનો એક ટુકડો છે કે જ્યાંથી દાંડી-કૂચ શરૂ થ ઈ.

પણ ઘર તો આખું ને આખું વહાલું હોય છે. આપણા ગુજરાતનાં જુદાં જુદાં અનેક સ્થાનો સ્મરણ દ્વારા પણ મનને આનંદ આપતાં રહે છે.

> કુદરતની પીંછીની પ્રગટી
> અજબ ગજબ ચિતરામણની :
> આ મસ્ત ઘટાઓ શ્રાવણની
> અલમસ્ત છટા મહેરામણની !
>
> વેણીભાઈ પુરોહિત

## ખાલીપો

ઈંદ્ર શાહ ઈસ્ટ લેઈક, ઓહાયો

ભરચક ભીડ વચ્ચે
દશમસ્થ બેઠો હોય છે ખાલીપો.
હું કોલાહલથી તેને વ્યર્થ ભરવા મથું છું.
હું જ્યાં જાઉં ત્યાં--
    લગ્નમાં, પાર્ટીમાં, સિનેમામાં,
    નાટકમાં, સંગીતમાં
પડછાયાની જેમ પીછો કરે છે એ.

ઊંઘમાં પણ એ મને છોડતો નથી
છળી ગયેલા બાળકની માફક
મને વળગીને એ સૂઈ જાય છે
મારી પડખે આખી રાત.

ત્રણ કાર ગરાજ અને પાંચ બેડરૂમના
ઘરને સંપૂર્ણ રીતે તે ભરી દે છે
અને તેને હું અણગમતા અતિથિની
જેમ વિદાય આપવા ઈચ્છું છું;

પણ નવજાત શિશુની માફક
    રાતે ન વધે તેટલો દિવસે,
અને દિવસે ન વધે તેટલો રાતે
    તે વધે છે, વધે છે, વિસ્તરે છે, વિસ્તરે છે

અને આખો અવકાશ
તેનાથી ભરાઈ જાય છે
અને પછી તે અજગર બની મને વીંટળાઈ વળે છે,
મને ભીંસે છે,
હું હવાની જેમ તેને કાપવા મથું છું
    શબ્દોની ધારદાર તલવારથી.

ચોતરફ ઊમટ્યું છે
આ ખાલીપાનું પૂર--
ગોઠણ સુધી, ગળા સુધી,
માથાનીયે ઉપર
ઘેરી વળ્યું છે મને
અને હું ડૂબું છું,
ડૂબું છું, ડૂબું છું - - -

> પારિ તે જાતકના હજ્જારો તેજ ભર્યા
> ફૂલડાં વીણે કોઈ માલણી
>
> પિનાકિન ઠાકોર

## પ્રાર્થના

### પ્રીતમ લખલાણી     વેસ્ટ હેન્રિએટા, ન્યુ યોર્ક

લીલું સુકું પીલતાં
ઘાંચીના બળદે
એક સાંજે
ભગવાનને પ્રાર્થના કરી
કે
હે દીનાનાથ,
હવે ફરી
આવતા ભવે
બળદનું આયખું ન આપીશ!

આજે સવારે
બળદને જન્મ આપવાનું વિચારતા
બ્રહ્માની નજર
લોકલ ટ્રેનમાં લટકતા
મજદૂરના હાથમાં
ઝૂલતા ટિફિન પર પડી
અને તેણે
એક વધારે
માણસનું
નિર્માણ કરી નાખ્યું!

## એકાંત

### જયશ્રી મરચંટ     ફ્રીમોન્ટ, કેલિફોર્નિયા

એકાંત...
મારી અને કવિતા વચ્ચેનો
અદૃષ્ટ, વિસરતો સેતુ!

## અશ્રુજળ

### જયશ્રી મરચંટ     ફ્રીમોન્ટ, કેલિફોર્નિયા

રાતે, સપનાંમાં, ખોબામાં હું
  આંસુઓને ભેગાં કરીને
  અંજલિમાં ભરતી રહી...!
સવારે, ઊગતા સૂરજના પ્રતિબિંબથી
અંજલિનું અશ્રુજળ ઝળહળ ઝળહળ....

## સૃષ્ટિ નમણી

### મનુ નાયક     ડુમોન્ટ, ન્યુ જર્સી

(શિખરિણી)

અહો! ધીમે ધીમે ગગન સરમાં શાન્ત સરતી
ગુલાબી રંગોથી હૃદય હરતી વાદળ કળી!
નદીના રૂપેરી મધુ ઝણકતા ઝાંઝર થકી
ઝરેલા ગીતો રે જળલહરમાં જાય પસરી!

વનોની વેલીમાં મધુ રણકતા રૌપ્ય ઝરણાં!
રમે નાચે કૂદે નયન રમણાં બાળ હરણાં!
તુષારે ભીનેલા હરિત તૃણમાં સૂરજ સરે!
છુપાઈ પર્ણોમાં તરુવરપરે કોયલ ટુહે!

ગુલોને ચૂમીને પરિમલ ભરી ફાળ ભરતી
હવાની લ્હેરી રે ગિરિવરપરે જાય ગબડી!
પડી જ્યાં જ્યાં તેની પરિમલ તહીં આભ પરથી
અમી વર્ષા થાએ હળું હળું હસે કૂંપળ નવી!

નવોઢા સંધ્યાના મધુ મરકતા ઓષ્ઠ પરથી
સરેલા ગીતોની જલધિજળમાં ભવ્ય ભરતી!
સુવર્ણી ચાંદાની કિરણ સરણીમાં લસરતી
મનિચ્છા પૂરન્તી રજત વરણી તારક કણી!

ઘણી પ્યારી લાગે પ્રભુ રચિત રે સૃષ્ટિ નમણી
હૃદેની ખીલે ત્યાં પ્રભુમય બની કોમળ કળી!

> એકલ નર અડધો અને એકલ અડધી નાર
> રતિઘેલાં રમે, ને ગુંજી રે’ સંસાર
>
> રાજેન્દ્ર શાહ

> હું આશાવાદી છું. મને મારા મિત્રે તેનું કારણ સમજાવ્યું." ’તું ઢીચકો છો અને પરિણામે તને અર્ધો ભરેલો પ્યાલો અર્ધો ખાલી છે તે કદી દેખાતું જ નથી ’. "
>
> ટોમ ફ્રીડ્મેન

## મારો આપનો એવો પ્રેમ
વિરાફ કાપડિયા પ્લેઇન્સબરો, ન્યુ જર્સી

મારો આપનો એવો પ્રેમ,
એકબીજાના પુલ બનીને પુર ઉપરથી જઈએ જેમ.

મારી આપની એ મહોબત,
ઉંદ-બિલાડ તડકે ગમ્મત.

મારી આપની એવી પ્રીત,
સદા હારને કંઠે જીત.

મારો આપનો એવો રાગ,
મોસમ-કમોસમમાં ફાગ.

મારો આપણો એવો નેહ,
વાંસળીએ ગાવાને વ્રેહ.

મારી આપની એવી મમતા,
રમતા સોમ, રવિ વિરમતાં.

મારો આપનો એવો પ્યાર,
એક અસિ વસી બે ધાર.

મારું આપનું એવું હેત,
વામન આંબે ધરતી ઠેઠ.

મારી આપની એવી રતિ,
કયો નર, કઈ નારી હતી?

મારું આપનું એવું ઇશ્ક,
એકબીજાને મળતો ઈશ.
( ઉંદ-બિલાડ = otter , વ્રેહ =વિરહ )

## મુક્તક
અશોક પટેલ

મોસમનો પહેલો વરસાદ પડ્યો
ને સાથે નીકળ્યો તડકો
સવારે બોલ્યો હું એક શબ્દ
સાંજે અફવાનો નીકળ્યો ભડકો

## કોણ આવશે?
ગિરીશ વૈદ્ય કરોના, ન્યુ યોર્ક

સવારે કોણ આવશે?

સૂરજ આવશે,
બણબણતી માખો આવશે,
ટચૂકડી બારીમાંથી ટપકું તડકો આવશે.

બારણે ફંફોસાઈ ગયેલું અખબાર આવશે
અડધી પણ અકબંધ દાટાવાળી દૂધની બોટલ આવશે
ખાખી ટપાલી આવશે
પણ ટપાલ કોની લાવશે?

અને સાંજે,
સાંજ પછીની સાંજે,
શહેરની ભીડમાં ભચડાતી,
દફતરના રાજકારણમાં રગદોળેલી
પંજાબી લંચના ગુજરાતી ઘચરકા ખાતી,
થાકેલી એ સાંજ આવશે!
ટુવાલ જેવડી બાથરૂમમાં
ડૂસ્કા લેતા નળમાં અધવચ્ચે ગયેલું પાણી
ના જાણે ફરી ક્યારે આવશે!
સાઈઠ સાઈઠ વૉટના બલ્બમાં પંદર વૉટનું અજવાળું
આવશે, જશે અને આવશે
ફરી બગાસા પર બગાસા આવશે
પણ ઊંઘ ક્યાંથી આવશે?

યાદ કરનાર કોઈ નથી એટલે
યાદ પણ કોની આવશે?
અને છતાં ય કેટકેટલું યાદ આવશે?
મોડી રાતે વિચાર આવશે
"સવારે કોણ આવશે?"

કરજે પ્રિય! માફ આટલું-
કદી બોલાવી ન લાડથી તને-
બહુ મગ્ન હું આજ આપણાં
લખવામાં મિલનો તણી કથા

ઉમાશંકર જોષી



નોરતાંના રાસ  રેખા શુક્લ  શિકાગો

# લેડી વિથ અ ડોટ

**પન્ના નાયક**  ફિલાડેલ્ફીઆ, પેન્સિલ્વેનીઆ

રાજીવ અને અલ્પા હંમેશની જેમ બે ગાડી લઈને શનિવારની પાર્ટીમાં ગયાં હતાં. રાજીવ જમીને વહેલો નીકળી જાય, અલ્પા છેલ્લે સુધી મદદ કરાવીને નીકળે.

પાછા ફરતાં અલ્પાને યાદ આવ્યું કે ઘરમાં દૂધ ખલાસ થઈ ગયું છે. રાતના સાડા અગિયાર થયેલા. એણે ચોવીસ કલાક ખુલ્લા રહેતા 'શૉપ રાઈટ' સુપરમાર્કેટના પાર્કિંગ લોટમાં ગાડી પાર્ક કરી. અલ્પાએ જોયું કે સુપરમાર્કેટની બહાર થોડા છોકરાઓ ઊભા ઊભા ગપ્પાં મારતા હતા. કોઈ સિગરેટ પીતું હતું. કોઈના હાથમાં બિયરનું કેન હતું. પાર્ટીમાં જ કોઈએ વાત કરી હતી કે અમેરિકન ટીનએજર્સ, ભારતીય સ્ત્રીઓને કપાળે ચાંલ્લો જોઈને ભડકે છે. અલ્પાએ ચાંલ્લો ઉખેડીને સ્ટિયરિંગ વ્હીલ પર ચીટ્કાવ્યો. ડાબે ખભે સાડીને સેફ્ટી પિન મારી હતી એ કાઢીને પર્સમાં મૂકી. સાડીનો પાલવ આગળ લાવી ગળાનાં ઘરેણાં ઢાંકી દીધાં. ગાડી લૉક કરી સુપરમાર્કેટના બારણા પાસે આવી. છોકરાઓનું ટોળું સહેજ ખસ્યું.

'લેટ ધ લેડી ગો.' કોઈ બોલ્યું.

'હાઉ અબાઉટ અ કૅન ઑફ બિયર?' બીજું કોઈ બોલ્યું.

અલ્પા ધ્યાન આપ્યા વિના સીધી અંદર ડેરી ડિપાર્ટમેન્ટમાંથી દૂધની પ્લાસ્ટિકની બાટલીઓ લઈ કૅશ રજિસ્ટર પર ગઈ. બાટલીઓ કન્વેયર બેલ્ટ પર મૂકી પૈસા ચૂકવવા પર્સમાંથી પાકીટ કાઢ્યું.

'થ્રી સેવન્ટી.' કૅશ પર કામ કરતો જાડો તગડો છોકરો બોલ્યો.

અલ્પાએ પાંચની નોટ આપી.

'વૉટ હૅપન્ડ ટુ યૉર બ્લડી ડૉટ? નો બ્લીડિંગ ફોરહેડ?' પરચૂરણ પાછું આપતાં છોકરાએ કહ્યું.

અલ્પાએ પરચૂરણ પાછું લઈ પાકીટમાં મૂક્યું. પર્સ બંધ કરી ખભે લટકાવી. છોકરાની સામે કરડાકીથી જોયું અને બહાર જવાના બારણા તરફ ધસી. 'શી ઈઝ ઑલ ડૉલ્ડ અપ ઍન્ડ નો બ્લડી ડૉટ. ઈઝન્ટ શી અ નૉવેલ્ટી?' કૅશ રજિસ્ટરવાળો છોકરો હસીને કોઈને કહેતો હતો.

અલ્પા બોલ્યા વિના સુપરમાર્કેટની બહાર નીકળી. છોકરાઓ બહાર ઊભા હતા.

એમને આંતરીને અલ્પા ગાડી તરફ ગઈ.

'હાઉ અબાઉટ અ લિટલ ફ્લીંગ, લેડી!' કોઈ એની પીઠ પાછળ બોલ્યું.

અલ્પાએ ફટાફટ ગાડી ખોલી, દૂધ મૂક્યું અને ગાડી સ્ટાર્ટ કરી. એ સમસમી રહી હતી. એને થયું કે ક્યારેક રાજીવ સાથે આવીને આ છોકરાઓની બોલતી બંધ કરી દેવી જોઈએ.

ઘેર આવી ત્યારે રાજીવ રસોડામાં ટીવી જોતો હતો. અલ્પા ધમધમ કરતી આવી. દૂધની બાટલીઓ ડાઈનિંગ ટેબલ પર પછાડી. ફ્રીજ ખોલી બાટલીઓ મૂકી.

'કેમ દેવી, શાને ગુસ્સે છો?'

'મજાક નહીં જોઈએ.'

'શું થયું?'

અલ્પાએ સુપરમાર્કેટવાળા છોકરાએ કરેલી મશ્કરીની વાત કરી.

'વાંક તમારો જ છે. ઈન રોમ યુ શુડ ડુ વૉટ રોમન્સ ડુ.'

'એટલે?'

'તમે સાડી પહેરો ને ચાંલ્લો કરો એટલે આંખમાં આવો જ.'

'ચાંલ્લો નહોતો કર્યો.' અલ્પા બોલી.

'પણ સાડી તો પહેરી'તી ને?'

'એટલે અમેરિકામાં અમારે સાડી નહીં પહેરવાની ને ચાંલ્લો નહીં કરવાનો? કપાળ અડવું રાખવાનું?' અલ્પા સિન્કનાં વાસણ ધોતાં બોલી.

'હા, જો તમારે બીજા કરતાં જૂદા ન તરી આવવું હોય તો', કહી રાજીવ ઉપર ગયો.

અલ્પા કામ પતાવી ઉપર આવી. સાડી બદલી. જૂનો પંજાબી ડ્રેસ પહેર્યો. રાજીવ પથારીમાં સૂતો સૂતો છાપું વાંચતો હતો. અલ્પા આવીને બાજુમાં સૂતી. સીલિંગ સામે જોતી પડી રહી.

'રાજીવ, તને તો ખબર છે કે જૂદા ન દેખાવા માટે ઓફિસમાં સ્કર્ટ બ્લાઉઝ, સ્ટોકિંગ્ઝ, થોડી ઊંચી એડીના શૂઝ પહેરું જ છું. પણ એવો તો કંટાળો આવે કે ક્યારે કાઢું ને પંજાબી પહેરી લઉં..' રાજીવના છાપાની ગડી કરતાં અલ્પા બોલી.

'તમારો આ પંજાબી પણ તમારે ઘરમાં જ પહેરવો.'

'કારણ?'

'કારણ કે અમેરિકનો માને છે કે એ નાઇટસૂટ છે. મારી ઓફિસમાં લોકો પૂછતા હતા.'

'તેં શું કહ્યું?'

'શું કહું? આઈ ફીલ સો અનકમ્ફર્ટેબલ ઍક્સ્પ્લેઇનિંગ. મારા સમજાવ્યાથી એ લોકો થોડા કન્વિન્સ થવાના હતા? એમને એમ લાગે છે કે તમે આટલે દૂર આવીને તમારા પોતાના પોશાકને વળગી રહો છો એમાં તમારી બદલાવાની ને અહીંના સમાજમાં ભળી જવાની ચોખ્ખી ના છે. તમારે તમારી નાળ કાપવી જ નથી.'

રાજીવ બોલ્યો.

'તું મોટું લૅક્ચર આપે છે પણ તમારે પુરુષોને ઠીક છે. ઇન્ડિયાના શર્ટ-પેન્ટ અહીં પણ ચાલે. કશું બદલવાનું નહીં.'

'ચિડાય છે શાની? અહીંની નેવુ ડિગ્રીમાં ધોતિયું મોસ્ટ કમ્ફર્ટેબલ. પણ હું ધોતિયું પહેરીને ઓફિસ જાઉં તો કેવો લાગું?' રાજીવને થયું, અલ્પા અપસેટ છે. જીભાજોડી કરવી ઠીક નથી. એ પડખું ફરીને સૂઈ ગયો.

અલ્પા પાસાં ઘસતી ઘસતી સુપરમાર્કેટમાં બનેલા પ્રસંગનો વિચાર કરતી હતી. રાજીવ કહે છે કે અહીં સ્ત્રીઓએ પોશાક બદલવો જોઈએ. પણ શા માટે? હું ભારતીય છું અને અમેરિકામાં રહું છું એનો અર્થ એ નહીં કે મારે શું પહેરીને ક્યાં જવું એ બીજા નક્કી કરે. એ અમારી ભારતીય અસ્મિતા છે. ધોળાઓની વચ્ચે કોઈ સાડી પહેરેલું મળે ને વાત કરે તો સારું લાગે છે.

અલ્પાને થોડા દિવસ પહેલાં થયેલો હરિપ્રસાદ ચૌરસિયાનો કોન્સર્ટ યાદ આવ્યો. કોન્સર્ટમાં અલ્પા અને એની બહેનપણીઓ સાડી પહેરીને ગયેલાં. મીના પેન્ટ પહેરીને આવેલી. કોન્સર્ટમાં આવેલા લોકો એની સામે જોતા હતા. એ બધાંથી જુદી લાગતી હતી, જુદી પડી જતી હતી. મિસફિટ. અલ્પાને થયું કે ધોળા અમેરિકનો વચ્ચે સાડી-ચાંલ્લામાં એ પણ મિસફિટ લાગતી હશે.

પછી અલ્પાને રેણુ ગુપ્તા યાદ આવી. રેણુએ અમેરિકન પીએચ.ડી. લીધા પછી એને કોઈ યુનિવર્સિટીમાં પ્રોફેસરશિપ મળતી નહોતી. ઇન્ટરવ્યૂમાં રેણુ હંમેશા સાડી પહેરીને જવાનો આગ્રહ રાખતી. કોઈકે એને સલાહ આપી કે ઇન્ટરવ્યૂમાં અમેરિકનની જેમ સિલ્ક સૂટ પહેરીને જવું. એકવાર જોબ મળે પછી જે પહેરવું હોય તે પહેરવું. રેણુનું કહેવું હતું કે જોબ કપડાં જોઈને નહીં પણ એના ક્રેડૅન્શ્યલ્સ અને રેઝ્યુમે જોઈને અપાવી જોઈએ.

અમેરિકન કપડાંમાં એને મઝા આવતી નહોતી અને ભારતીય કપડાંમાં એ આઉટસાઇડરનો અનુભવ કરતી હતી. વિચાર કરતાં કરતાં અલ્પા સૂઈ ગઈ. થોડીવારે ઝબકીને જાગી. ખરાબ સપનું હતું. એ સુપરમાર્કેટમાંથી બહાર નીકળે છે. હાથમાં ગ્રોસરી બૅગ છે. કોઈ ધોળો ટીનએજર એને આંતરે છે. ગ્રોસરી બૅગ પડી જાય છે. એ બૅગ લેવા નીચી નમે છે ત્યાં બીજો કોઈ ટીનએજર એને 'હાઉ ડુ યુ રૅપ ધિસ થિન્ગ વિચ હેન્ગ્ઝ લાઇક અ શાવર કર્ટન?' કહી એની સાડી ખેંચી કાઢે છે. એ બૂમ પાડે છે. 'કૃષ્ણ! કૃષ્ણ!' પણ કોઈ કૃષ્ણ ચીર પૂરવા આવતા નથી. સુપરમાર્કેટની બહાર ભેગા થયેલા લોકો વચ્ચે એ બ્લાઉઝ અને ચણિયામાં રડતી રડતી ઊભી છે. છ વારની એની સાડી ડૂચો થઈને એક ખૂણામાં પડી છે...

અલ્પાએ નક્કી કર્યું કે અમેરિકનો હોય ત્યાં સાડી પહેરીને, ચાંલ્લો કરીને જવું નહીં. જૉબ પર, ચાલવા જાય ત્યારે ને ખાસ કરીને ગ્રોસરી લેવા જાય ત્યારે જીન્સ અને ટી શર્ટ કે સ્કર્ટ-બ્લાઉઝ. એ પણ નક્કી કર્યું કે ઓછી લાઇટ હોય એવા વિસ્તારમાંથી પસાર થવાનું નહીં.

'શૉપ રાઇટ'માં જવું કે નહીં એનો એને વિચાર આવ્યા કરતો. મન સાથે નક્કી કર્યું કે એમ ડરી શા માટે જવું? આ એનો દેશ છે. કોઈ એને રોકે તો એણે શા માટે રોકાવું જોઈએ?

બે અઠવાડિયાં પછી ઓફિસથી પાછા આવતાં અલ્પાએ 'પિત્ઝા હટ'માંથી પિત્ઝા લઈને ઘેર આવવાનું નક્કી કર્યું.

'આઈ વુડ લાઇક ટુ હૅવ અ વૅજી પિત્ઝા ટુ ટેઇક હોમ. ડૉન્ટ ફરગૅટ ધ રેડ પૅપર.' અલ્પાએ ઓર્ડર આપ્યો.

પિત્ઝા લઈ ગાડીની ટ્રન્કમાં મૂક્યો. થોડે આગળ ગયા પછી યાદ આવ્યું કે પિત્ઝા સાથે પીવા માટે કોકાકોલા લેવાનો રહી ગયો છે. 'શોપ રાઇટ' રસ્તામાં જ હતો. મશ્કરી કરેલી એ છોકરો કાઉન્ટર પર હશે કે કેમ એનો વિચાર આવ્યો. એ શનિવારે તો રાત હતી. આજે હજી પાંચ વાગ્યા છે. ન યે હોય. વળી પાછું મન મક્કમ કર્યું કે હોય તો શું છે? શી કૅન હૅન્ડલ ધ સિચ્યુએશન.

અલ્પા સુપરમાર્કેટમાં કોકના સેક્શન તરફ ગઈ. કાઉન્ટર પર નજર નાખી. પેલો છોકરો કાઉન્ટર પર નહોતો. અલ્પા કોકના સેક્શનમાં ગઈ ત્યાં એ કોકના કાર્ટન ગોઠવતો હતો. અલ્પાએ એને ન-જોયો કર્યો. પેલો છોકરો અલ્પા પાસે આવ્યો.

અલ્પા વાંકી વળી કોક લેતી હતી.

'યુ લૂક સેક્સી ઇન યોર ઓફિસ ક્લોધ્ઝ.' છોકરાએ કહ્યું.

અલ્પાને એને તમાચો મારવાનું મન થયું. સ્ટોરના મેનેજર પાસે ઘસડી જવાનું મન થયું પણ એણે વિચાર બદલ્યો.

'રીઅલી? થેંક યુ ફોર ધ કૉમ્પ્લિમેન્ટ્સ. ડુ યુ વૉન્ટ ટુ ગો વિથ ધ સૅક્સી વુમન ઍન્ડ હૅવ અ નાઇસ ટાઇમ?' અલ્પાએ એકાએક પૂછ્યું.

છોકરો આભો બની ગયો.

'યુ મીન નાઉ? આરન્ટ યુ મૅરીડ? વૉટ અબાઉટ યૉર હઝ્બન્ડ?'

'હી ઇઝ નૉટ હોમ. ઇફ યુ વૉન્ટ ટુ ગો, માઈ કાર ઇઝ પાર્ક્ડ નિયર ધ મેઇલબૉક્સ.'

અલ્પા કોકની બોટલ લઈ સુપરમાર્કેટની બહાર કાર પાસે ગઈ. ટ્રન્ક ખોલી બોટલ મૂકી. ટ્રન્ક ખુલ્લી રાખી ઊભી રહી. થોડી વારે છોકરાને આવતો જોયો. એ ગાડી પાસે આવ્યો.

'આર યુ શ્યૉર? યુ ડૉન્ટ નો મી.' છોકરાએ કહ્યું.

'આઈ વૉન્ટ ટુ નો યુ.' અલ્પાએ કહ્યું.

'ધેન લેટ્સ ગો.'

'યસ, બટ આઈ હૅવ ડ્રોપ્ડ માઈ કીઝ સમવ્હૅર.'

'વ્હૅર? ઇન ધ સ્ટોર?'

'મે બી ઇન માઈ ટ્રન્ક. લેટ મી લુક.'

અલ્પા વાંકી વળી અને પિત્ઝાના બોક્સની સાથે આવેલી પ્લાસ્ટિકની ડબ્બી હાથમાં લીધી. ટ્રન્ક બંધ કરી. ઝડપથી ડબ્બી ખોલી એક ઝાટકે ડબ્બીનું પિત્ઝા પર ભભરાવવાનું મરચું છોકરાની આંખમાં ફેંક્યું. છોકરો બળતી આંખે બે ડગલાં પાછળ હઠી ગયો. ગાળો ભાંડવા લાગ્યો.

'ધૅટ્સ વૉટ સૅક્સી વિમેન વિથ બ્લડી ડૉટ ડુ' કહી અલ્પા ધ્રૂજતી ધ્રૂજતી ગાડીમાં બેઠી અને ગાડી હંકારી મૂકી.

અલ્પા ઘેર આવી. ગાડી ગરાજમાં મૂકી પિત્ઝા અને કોક લઈ રસોડામાં આવી. રાજીવ રાહ જોતો હતો. એણે પિત્ઝાનું બોક્સ ખોલી એક સ્લાઈસ એની પ્લેટમાં લીધી.

'મરચું ક્યાં છે?' રાજીવે પૂછ્યું.

'મરચું? શેનું મરચું?' કહી અલ્પાએ એક સ્લાઈસ પોતાને માટે લીધી.

## ગૃહકંપ

### નીતિન ત્રિવેદી ભાવનગર

ચંદુલાલ પહેલાં તો ભડક્યા. બારી પાસે જ હતા તે વળી તરત બહાર નજર ગઈ. રસ્તા પરથી એક ટ્રક ધમધમતો પસાર થઈ જતો જોયો. કોઈ પોતાને ભડકતાં જોઈ તો નથી ગયુંને ! એમણે ઘર અને બહાર બધે નજર ફેરવી લીધી. કોઈનું ધ્યાન નહોતું. ચંદુલાલને તો આવુંય ધ્યાન રાખવું પડતું હતું. નહીં તો એમની સહુ મશ્કરી કરે. જોકે ચંદુલાલ સામી મશ્કરી કરે ખરા. પણ ઝાઝાની સામે એમનો બહુ બર નહીં.

એ ફરીથી છાપું વાંચવા લાગ્યા. આમ તો આખું છાપું વંચાઈ ગયું હતું. તોય કશું બાકી તો નથી રહી જતું ને ! એ જોવા જ ફરી નજર ફેરવવા લાગ્યા.

કંઈક મોટો અવાજ થાય એટલે ચંદુલાલ એકદમ સાવધ બની જતા. પણ હવે તો આ રોજનું થયું. બીજા બધાંને આવું થતુંય ખરું-- પણ આ તો થયાં કરે-- એમ સમજી બહુ ધ્યાન ન દે. ઝાઝી ચર્ચા ય ન કરે પણ ચંદુલાલનો સ્વભાવ એવો કે એમને વસમું લાગે.

શારદાબહેન તો હૈયાવરાળ ઠાલવે : 'બળ્યો તમારો સ્વભાવ. કંઈ જલદી ભૂલવાનું જ નહીં.' શારદાબેનના શબ્દો કોઈ બીજાના કાને પડી જાય તો તરત કોઈ ટમકું મૂકે - 'ધીરી બળે છે ને વધુ (?) લિજ્જત આપે છે.'

ચંદુલાલ ઊકળી જતા પણ વળી એમને જ થતું-'ખરેખર, આ તો રોજનું થયું. ક્યાં સુધી ઊકળ્યા કરવું !' આવું વિચારે એટલે એમના જીવને થોડી નિરાંત થાય પણ વળી વળીને મૂળ સ્વભાવમાં આવતાં વાર ન લાગે. એમાંયે પાછું હમણાં તો વારે વારે ભડક્યા કરવાનુંય થયા કરતું. ચંદુલાલ માથે હાથ દઈ બેસીને બબડતા-'ભગવાને કોણ જાણે મારો કેવો મગજ ઘડ્યો છે, ખબર પડતી નથી.'

શારદાબહેને એક વાર હસતાં હસતાં કહેલુંઃ 'તમારે વાતે વાતે બગડ્યા કરવાનું વળી ઓછું હોય એમ હવે તો વાતે વાતે ભડક્યા કરવાનું શરૂ થયું, કાં?'

ચંદુલાલ આ વાતે પહેલાં ભડકેલા પછી શારદાબહેન પર બરાબરના બગડેલા.

આમ જુઓ તો ચંદુલાલનું ભડકવું અજૂગતું તો નહોતું જ, ગામ આખું ભડકતું જ હતું ને! પણ આ ચંદુલાલનું જરા લાંબું ચાલ્યું અને એમ ટૂંકામાં પતે તો ચંદુલાલ શાના?

...પણ લાંબું ચાલવાનું કારણ તો ચંદુલાલ જ જાણે. કેટલાં બધાં સગાં... સંબંધીઓ...ભાઈબંધો અમદાવાદમાં! કેટલાંયે રાજકોટમાં! આની કોર્ય કેટલાં ને ઓલી કોર્ય કેટલાં! માળાં અમથાં તો કેવા બોલાવ્યા કરે! ખબર હોય હોં, કે એમ કોઈ કોઈના બોલાવ્યે દોડતાં નહીં આવે પણ માળાં એમ વધારે ને વધારે તાણ કરે.

...અને ચંદુલાલની આંખ સામે એ દિવસ તરી આવ્યો. શારદાબહેન શાકભાજી લેવાં બહાર ગયાં હતાં. ચંદુલાલ ઓટલે ઊભા ઊભા આકાશમાં વરસ્યા વગર દોડ્યે જતા વાદળોને તાકી રહ્યા હતા. ચંદુલાલને થતું હતું કે આ વાદળાં અહીંને અહીં ઠરી જાય તો મજા પડી જાય પણ રિસાયો હોય એમ વરસાદ કેમેય વરસતો નહોતો.

એવામાં ચંદુલાલે ગર્જના સાંભળી. એ થોડા ઊછળ્યા. લાગ્યું, મેઘરાજાએ એમની ઈચ્છા વરતીને ગર્જના કરી કે શું? ને પોતે ખુશી અનુભવે એ પહેલાં જ ઊછળ્યા કે શું? ચંદુલાલ આજુબાજુ જોવા લાગ્યા. થયું શું? કંઈક થયું તો ખરું. ત્યાંતો અડોશપડોશના મકાનોમાંથી બધાં ઝડપથી શ્વાસભેર દોડતાં નીકળવા લાગ્યાં.

'અલ્યા, થયું શું આ?'

'ભૂકંપ!!'

'હેં, ભૂકંપ??'

બહાર ખુલ્લી જગ્યામાં હડુડુડુ કરતાંક સહુ સલામત જગ્યાએ એકઠાં થઈ ગયાં. ઘણાંખરાં ડરી ગયાં હતાં. ચંદુલાલને સમજાયું, થઈ એ મેઘગર્જના નહીં, ભોમગર્જના હતી. કેટલાંક સ્વસ્થ દેખાતાં હતાં પણ અંદરથી સ્તબ્ધ હતાં. ઓટલેથી કૂદકો મારીને ચંદુલાલ, ભેગાં થયેલાં સાથે ભળી ગયા હતા પણ અંદરથી તો એયે ફફડી ઊઠાયા હતા.

ઠીક ઠીક વખત પછી માંડ સૌને કંઈક કળ વળી. પછી તો ભેગાં થયેલાં વચ્ચે અચાનક ભૂસ્તરશાસ્ત્રના જ્ઞાનની સરવાણીઓ ફૂટવા લાગી હતી. જાપાનથી માંડી લાતુર સુધીના સંદર્ભો ચર્ચામાં ટાંકી ટાંકીને વિશદ જ્ઞાન પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. અલબત્ત,હજુ સહુ પોતપોતાના ઘરમાં જતાં ફફડતાં હતાં.

બસ આમને આમ ધરતીના ધડાકા દિવસ-રાત સતત થતા ચાલ્યા, વધતા ચાલ્યા. કેટલાક લોકો આંચકા પચાવવા પ્રયાસ કરતા હતા. આભને ગાભનું કંઈ નક્કી નથી હોતું એમ આ ધરતીકંપનુંય ક્યાં નક્કી હોય છે? એમાંય એક રાતે તો ધરતીએ એવો પ્રચંડ ધડાકો કર્યો કે પહેલાં ધીમે ધીમે ખાલી થતું ગામ ઝડપભેર પોણા ભાગથી વધારે ખાલી થઈ ગયું.

ચારે તરફ બસ કંપ...કંપ...અને કંપ...ભલભલાં કંપે. ઠેર ઠેર તંબુઓ તણાવા લાગ્યા. દિવસોના દિવસો સુધી છાપાંઓમાં બસ એક જ મુખ્ય સમાચાર - ભાવનગરમાં ભૂકંપ...

ઘરે ઘરે ફોન ઉપર ફોન - અહીં આવતા રહો. જલદી આવો. ને ગામના માણસો જે વાહન હાથ લાગે ત્યાં લટકી જાય. ચહેરે ચહેરે નર્યો આતંક. ઉપરથી સ્વસ્થ દેખાતાં હોય એના ભીતરે પણ છાનો આતંક હોય. મોટા ભાગના સહુ ગામ છોડવાના ઉચાટમાં હોય.

...પણ ભૂકંપે કેર વર્તાવ્યાના કેટલાય દિવસો સુધી ચંદુલાલ ઉપર બહારગામથી કોઈનોય ફોન ન આવ્યો. અહીં આવી જાઓ - એવો તો નહીં પણ માત્ર ખબર પૂછતો ફોન પણ નહીં. ચંદુલાલ ફોનના ડબલા સામે તાકી રહેતા. શારદાબહેનનેય ચંદુલાલ જેમ આ વાતે ઓછું તો આવ્યું પણ એમનું કહેવું એમ પણ હતું કે ફોનની લાઈન જ જામ હોય તો કોઈ શું કરે!

ને પછી ચંદુલાલ બગડે - 'એટલે? ગામ આખાના ફોનની લાઈન જામ નહોતી ને આપણી લાઈન જ જામ હતી? દિવસોના દિવસો સુધી જામ હતી? કોઈનાથી એકેય ફોન ન થાય? પેલો વિનિયો ગામડેથી કેટલીય પરીક્ષાઓ ને કેટલાય ઈન્ટર્વ્યૂ આપવા અહીં ભાવનગર ગુડાતો ઇ ત્યારે અહીં જ ધામા નહોતો નાખતો? હવે બે પાંદડે થઈ

અમદાવાદમાં ટેસડા કરે છે ત્યારે આ દાદો યાદ આવ્યો? ...ને ઓલો ધરમશી કંઈક રોદણાં રોઈ રોઈને ઉછીના પૈસા લઈ જતો. એ અમદાવાદ ધંધે લાગ્યો પછી દેખાણો રાંડનો? અરે, એ બધાને મૂક પડતા. આપણો જ ભાઈ નહીં! કોઈ વાતે ઓછું આવવા દીધું છે એને? એણે તો તરત જ મોટર લઈને અહીંયા દોડ્યા આવવું જોઈએ ને! તારા પિયરિયાંય કેટલાંય છે? ઓલો મેંદો તો ગાંધીનગર પડ્યો પાથર્યો રહે છે પણ એય સ્વાર્થનો સગો અત્યારે કેવો સંતાઈ ગયો છે! અરે, અહીં તો બધાંને, આખા ગામને એનાં આઘે આઘેનાં સગાંયે બોલાવે છે ને આપણાં સગાં? આપણાં તો ખરે ટાણે જ...'

'ઠીક લ્યો હવે. બહુ બળાપા કાઢ્યા', શારદાબહેન તાડૂકે. 'તમે રહ્યાં આકરાં પાણીએ. તમને તો કોઈ બોલાવતાય અચકાય! ફફડે...'

'એટલે? આવા ટાણે એ બધું જોવાનું હોય? આકરાં પાણીએ હોઉં કે ન હોઉં, પણ આ વખત એવું વિચારવાનો છે? બાઈડી થઈને ધણીના વાંક કાઢતી ફરે તો બીજાં તો આમ નાગાં
થઈને જ ઊભાં રહે ને?'

'બસ, હવે, બહુ થયું. બોલવામાં ધ્યાન રાખો. મેં કંઈ તમને એવું નથી કહી દીધું કે બસ ફાવે એમ ભઈડ્યે જ રાખો!' શારદાબહેન ઊભાં થઈ ઓરડામાંથી જતાં રહે ને ચંદુલાલ અકળાતા અમળાતા રહે. એ એટલા રોષમાં રહેતા કે જો ફોન માટે એસ.ટી.ડી.નું કનેક્શન લીધું હોત તો ચંદુલાલ અત્યારે ને અત્યારે બધાને ફોન પર ભાંડત.

પણ પછી દિવસો જતાં ધરતીના આંચકા ઓછા થયા. ડર પણ ઓછો થયો. ક્યારેક અચાનક એકાએક આંચકા વધે. ભય વધે. સહુનું ભડકવાનું વધે. ચંદુલાલનું તો ખાસ. જોકે એ કરતાં યે ચંદુલાલને એ વાત સતત ખટક્યા કરતી - એમને બહારગામથી કોઈએ બોલાવ્યા નહ ીં. ચિંતાબિંતા કરવાનું તો ગયું તેલ લેવા પણ ખાલી પૂછવા ખાતર પૂછવામાંથી ય ગયાં! ચંદુલાલ મનમાં ને મનમં ચોપડાવતા ને બબડ્યા કરતા -- માળાં બધાં સ્વાર્થનાં સગાં.

ચંદુલાલની રોષ ઊતરવાની ગતિ ધીમી હતી, ધરતીકંપના આંચકા પચાવવાની ગતિ પણ ધીમી હતી પણ ધીમે ધીમે બધું થાળે પડતું જતું હતું.

એક વખત ચંદુલાલ સવારે નાહી-ધોઈ પૂજા કરીને સૂર્યને અર્ધ્ય આપવા બહાર ઓટલે આવીને ઊભા. હાથ ઊંચા કરી સૂર્ય સામે જળપાત્ર ધરી ગાયત્રીમંત્ર ઉચ્ચારી રહ્યા હતા એ વખતે પાણી સહેજ છલકાઈને બહાર ઢોળાયું. ઢોળાય એવી રીતે જળપાત્ર પકડ્યું નહોતું. ચંદુલાલ હજુ કશું સમજે એ પહેલાં એ પોતે જ હલબલવા લાગ્યા.

એકાએક એમને ખ્યાલ આવ્યો કે પોતેજ નહીં, ઓટલો જ નહીં, આખું ઘર, અરે, ઘર જ નહીં ચોતરફ સઘળું હલબલે છે. એવામાં બધેથી ચીસાચીસ થવા લાગી. મકાનોમાંથી લોકો ધડાધડ નીકળવા લાગ્યા. શારદાબહેન અંદરથી ચીસ પાડતાં બહાર દોડ્યાં. ચંદુલાલ પણ કૂધા ને બહાર ખુલ્લામાં આવી ગયા. હડી કાઢીને ભેગું થયેલું ગભરાયેલું ટોળું ધરતીની પ્રચંડ
ધણધણાટીથી ધ્રૂજતું હતું. ચંદુલાલ પણ ફાટી આંખે ધડકતાં હૈયે એમના ધ્રૂજતા ઘરને જોઈ રહ્યા હતા. ચારે તરફ આતંક છવાઈ ગયો હતો.

જોરદાર વરસાદ પછી જમીનમાંથી જીવજંતુઓ બહાર ઊભરાવા લાગે એમ થોડી ક્ષણોમાં આખા શહેરના મકાનોમાંથી માણસો બહાર ઊભરાવાં લાગ્યાં. બધે ગભરાટભરી દોડધામ
મચી રહી હતી.

આ વખતે ક્ષણ બે ક્ષણનો મામલો નહોતો. જાણે સઘળું ક્ષત-વિક્ષત કરી નાખવું હોય તેવો ધરતીનો તાશેરો હતો. શહેરમાંથી ઠેરઠેર મકાનો જમીનદોસ્ત થયાંની ખબરો આવતી રહી. આ શહેરને આંચકા તો લગભગ રોજના હતા પણ આજે તો હદ કરી નાખી હતી. માંડ ટકી રહેલાં મકાનોમાં પણ વધુ પહોળી થયેલી નાની મોટી ને આડી સીધી તિરાડો જોઈ જોઈ સહુનાં હૈયાંમાં પણ તિરાડો પડતી હતી.

કેટલાય કલાકો વીત્યા પછી કોઈ કોઈએ ઘરમાં જવાની હિંમત કરી હતી. આખરે ચંદુલાલ અને શારદાબહેન પણ હિંમત કરીને ઘરમાં ગયાં. ઘરમાં પહેલાંય ઘણી તિરાડો પડી
હતી. અત્યારે એ વધી હતી કાં પહોળી થઈ હતી. પણ ભીંત તરફ નજર માંડતા બંનેમાંથી એકેયનો જીવ ન ચાલ્યો.

શારદાબહેન બોલ્યાં, "બળ્યું, આવું બધું જોઈ જોઈને જીવ જ બાળવાનોને? ભીંતો સામે જોવું જ શું કામ?' ચંદુલાલ એ વાતે તો સંમત હોય એમ ભીંત સામેથી નજર ફેરવી લઈ મૂંગા બેસી ગયા.

ભીંત સામે તો જોવાનું છોડી દઈએ પણ આ ઘર થોડું છોડાશે? ના, ઘર તો નથી છોડવું. ઘર તો ધરતીનો છેડો કહેવાય...છેડો! અરે અહ ીં તો ધરતી ખુદ છેડાને છિન્નભિન્ન કરવા બેઠી છે. ન કરે આ ધરતી ને ઘર એ ઘર જ ન રહ્યું તો? શું કરવું? ક્યાં જવું? કોને ત્યાં જવું? ને એય આમ કોઈના બોલાવ્યા વગર?...

મનમાં ઊઠતા અનેક સવાલોમાં આ છેલ્લા સવાલે ચંદુલાલનો સૂતેલો રોષ આળસ મરડીને જાગ્યો પણ આખરે ગમ ખાઈને બેઠા રહ્યા.

મકાનો પડ્યાંની ખબરો મળતી હતી પણ કોઈના મર્યાની ખબરો હજુ નહોતી. આ ભૂમિ ભાવેણાને ભાંગવા બેઠી હતી પણ કોઈના જીવતર છૂટ્યાં નહોતાં એ મોટું આશ્વાસન હતું. જીવતાં તો છીએ. ભલે કોઇ બોલાવે કે ન બોલાવે. ચંદુલાલ વળી, વિચારોના ચકરાવે ચઢી ગયા. કુદરત ઘા ખાતા શીખવે છે એમ માનવું, બીજું શું? કુદરત આમ ઘા ન મારતી હોત તો ઘણું ઘણું સમજવા જેવું હજુયે સમજાયું ન હોત. કારમા કાળે વ્યવહાર જોવાઈ ગયો. સંબંધોના મૂલ સમજાઈ ગયાં. લાગણીઓ મપાઈ ગઈ. બસ, આમને આમ ચંદુલાલ અંદરને અંદર વિચારોનાં ટોળાં વચ્ચે અફળાતા રહ્યા...ભીંસાતા રહ્યા...ચગદાતા રહ્યા.

બપોરે રેડિયો, ટીવી અને છાપાઓના વધારા ખબર ઉપર ખબર આપવા લાગ્યા ત્યારે ખબર પડી કે ભાવનગર એકલું જ નહીં, આખેઆખું રાજ્ય ભૂકંપથી હચમચી ગયું હતું. પૂરેપૂરા પ્રદેશની ધરતીને જાણે દરિયાનાં મોજાં થવાના કોડ જાગ્યા હોય એમ આમ તેમ ઊછાળા માર્યા હતા.

ટીવી પરના દૃશ્યો જોઈને ચંદુલાલ ખળભળી ઊઠ્યા. જ્યાં ને ત્યાં નર્યો કાટમાળ... કાટમાળ...કેટલાંય ગામો ને શહેરોની કારમી દશાના દૃશ્યો જોઈને અવાક્ થઇ ગયા. શારદાબહેનથી વધુ જોવાયું નહીં એટલે એ ઓરડામાંથી બહાર નીકળી ગયાં.

એવામાં ટીવીના પડદે અમદાવાદ આવ્યું. ધસી પડેલી બહુમાળી ઈમારતો, દટાયેલા માણસો...આમ તેમ ફંગોળાયેલી ઘરવખરી...શરીરથી છૂટાં પડી ગયેલાં અંગો... ચંદુલાલ એકીટશે તાકી રહ્યા. એમને યાદ આવ્યો પેલો વિનિયો... ધરમશી... નાનો ભાઈ સુરેશ... કાકાજી... ને બીજાં બધાં.

અમદાવાદની આવી દશા જોઈ ચંદુલાલને કોણ જાણે પણ વિચિત્ર પ્રકારનો સંતોષ થવા લાગ્યો. પડોશમાં રહેતા ગિરધરભાઈ કેટલાક વખત પહેલાં અમદાવાદ ગયેલા ત્યારે વિનિયો એમને ક્યાંક ભેટી ગયેલો. ગિરધરભાઈને એ કહેતો હતો-- 'આંચકો આવે એટલે ઊભા થ ઈને બિલ્ડિંગની બહાર જતા રહેવાનું. ભૂકંપથી ડરવાનું શું?

ભાવનગરના એટલે ભાનવગરના, એટલું ય ન સમજે!' એમ કહીને ખડખડખડ હસ્યો હતો.

અત્યારે અમદાવાદના દૃશ્યો જોઈને ચંદુલાલ ન સમજાય એવી રાહત અનુભવવા લાગ્યા. જેમણે જેમણે ચંદુલાલનો ભાવ પૂછ્યો નહોતો એ બધાંને કંઈક કંઈક પાઠ તો કુદરતે ભણાવ્યો જ હશે. સારું થ યું. જે થાય તે સારા માટે. ચંદુલાલ પોતાની ટેવ પ્રમાણે બબડ્યા તો ખરા પણ છેલ્લું વાક્ય જરા જોરથી બબડ્યા. એ સાંભળી શારદાબહેન અંદર આવ્યાં. ટીવી પરના કમકમાટી ઉપજાવે એવા ચગદાયેલા મૃત દેહોનાં ખોફનાક દૃશ્યોથી શારદા બહેન કંપી તો ઊઠ્યાં પણ ચંદુલાલના શબ્દોથી એમને આશ્ચર્ય સાથે આઘાત લાગ્યો.

ચંદુલાલ પાસે જઈને બોલ્યાં, "આ બધું સારા માટે થાય છે?' પણ મૌન થઈ ગયેલા ચંદુલાલના ચહેરા પર નજર ગઈ ત્યારે એ સ્તબ્ધ થ યાં. એમની આંખો છલકાતી હતી. શારદાબહેને ઝડપથી ટીવી બંધ કર્યું. ફરી ચંદુલાલ પાસે આવ્યાં પણ એમની નજર તો બંધ કરેલા ટીવીના સ્ક્ર ીન પર જ મંડાયેલી હતી.

શારદાબહેન ચંદુલાલની વધુ નજીક આવ્યાં. એ કશું બોલે એ પહેલાં ચંદુલાલે એમને નજીક ખેંચી લીધાં ને બેઠાં બેઠાં એમને વળગી રહ્યા. જાણે ભીતર ભૂકંપ મચ્યો હોય એમ વલોવાતા રહ્યા. શારદાબહેન એ વલોવાટ પામી ગયાં. ભારે હૈયે એમણે સાડલાના છેડાથી ચંદુલાલની આંખો લૂછી. એમના માથે હાથ ફેરવ્યો.

અંતે ચંદુલાલ શાંત થયા. શારદાબહેન એમને માટે પીવાનું પાણી લેવા ચાલ્યાં પણ ચંદુલાલે ઊભા થઈ એમનો હાથ પકડ્યો. 'ચાલ, શારદી. ઘર બંધ કર.'

'કેમ?' નવાઈથી શારદાબહેને પૂછ્યું.

'એસ.ટી.ડી. બૂથ પર જઈએ. ફોન કરીને કાકાને, વિનિયાને, સુરિયાને, અરે બધાંને અહીં બોલાવી લઈએ.'

શારદાબહેનની આંખો આશ્ચર્યથી પહોળી થઈ. ચંદુલાલ ભીની આંખે મીટ માંડીને બોલ્યા, "લે હવે, હાલ જલદી. આપણે તો સલામત છીએ ને આપણાં કરતાં એ બધાને ઘરની ઝાઝી જરૂર છે.'

('પરબ' ઓગસ્ટ ૨૦૦૨ માંથી તેમના સૌજન્યથી)

## બાઉન્ડરીઝ

### દિગીશ મહેતા અમદાવાદ

સીમા માનવસર્જિત છે, કુદરતમાં સીમા નથી. શું આકાશ કે શું દરિયો, તેને સીમા નથી. માટે તો તે કવિઓને આકર્ષે છે. શેક્સપીઅરનું એક પાત્ર કહે છે કે મારો પ્રેમ - ઇટ ઇઝ બાઉન્ડલેસ એઝ ધ સી - એ દરિયાની જેમ અસીમ છે, અગાધ છે. જો દરિયો કે આકાશ ન હોત તો માણસ પોતાના પ્રેમની વાત કઈ ભાષામાં કરત?

પણ જો દરિયા કે આકાશને સીમા નથી, તો કુદરતના બીજા પણ એવા ચહેરા છે જેને ચોક્કસ સીમા છે, જે સીમાઓ વચ્ચે રહીને જ વહે છે, જેમ એક નદી. નદી - પછી તે ગમે તેવો મહાનદ હોય તો પણ તેને આદિ છે અને તેનો અંત છે. તે બે કાંઠા વચ્ચે જ વહે છે.

અમારું ગામ નદીકિનારે છે અને ત્યાં નદી ખુદ તેની એક સીમા બની રહી છે. અમારે ત્યાં દશેરાનો તહેવાર બહુ જુદી રીતે ઊજવાતો. હવે એ રિવાજ હશે કે નહીં પણ તે દિવસોમાં દશેરાને દિવસે ગામલોક - ગામના સઈ, મોચી, સુથાર, લુહાર, વાણિયા, બામણ - સર્વ, નદી ઓળંગી સામે કિનારે આવેલા મંદિરમાં દર્શન કરવા જવાના. જતી વખતે માથામાં, ટોપીમાં દર્ભનું, ઘાસનું તણખલું ખોસતા. એ કલગીની ગરજ સારતું. એમ નદી ઓળંગવી એ સીમા ઓળંગવાનું, વિજયપ્રસ્થાનનું પ્રતીક હતું. પછી એમ સીમા ઓળંગી સામે કિનારે જનારો માણસ ગમે તેટલો વખોડાયલો હોય, વગોવાયલો હોય, પણ તે દિવસે તો તે વિજયી હોવાનો ભાવ અનુભવતો.

સીમાઓ જો કુદરતમાં નથી, માણસે બનાવેલી છે, તો સીમાઓ ઓળંગવાની વૃત્તિ પણ માનવની વિશિષ્ટ ખાસિયત છે. જાણે માણસે સીમાઓ એટલા માટે જ દોરી છે કે જેથી તેમને તે ઓળંગી શકે. જોકે એવા માણસો પણ હોય છે જે પોતાની સીમાઓમાં, મર્યાદાઓમાં રહેવું જ વધુ પસંદ કરે. અંગ્રેજી નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સનું એક બહુ સરસ રમૂજી પાત્ર છે જે એક જગ્યાએ કહે છે કે જુઓ, પોતે તો સાવ ઘેરાઈ ગયેલો છે; તે પોતાના ઘરમાં, પોતાની મર્યાદાઓમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે, કેમકે - અને તેનાં આમ કરવા માટેનાં કારણો પણ બહુ વિલક્ષણ છે. એ કહે છે કે - જો આ શેરીમાંથી નીકળવા કરું ત ો ત્યાં દરજીની દુકાન છે જેનું બિલ આપવાનું બાકી છે. આ બીજી શેરી છે એમાંથી નીકળવા જાઉં તો ત્યાં ગાંધીની દુકાન છે જેનાં પણ બિલ બાકી છે. આ ત્રીજી શેરી ... પણ બધે લેણદારો ઊભા છે, એટલે ઘરમાંથી નીકળવાનું આ પાત્રે હાલ પૂરતું માંડી વાળ્યું છે. ગમે તેટલા દશેરા આવે ને જાય, પણ એમને સીમોલ્લંઘન નથી કરવું.

ચાર્લ્સ ડિકન્સના આ મર્યાદાપુરુષોત્તમને આમ મર્યાદામાં રહેવાનાં કારણો જુદાં જ છે, પણ આપણે ત્યાં આવી મર્યાદારેખાનું પ્રતીક બહુ જુદા સંસ્કારોથી રંજિત છે. રામાયણમાં આવતી લક્ષ્મણરેખા એ સીતાજી માટે દોરાયેલી સીમા હતી જેના ઉલ્લંઘનથી કંઈ કેટકેટલાં પરિણામોની પરંપરા રચાઈ. જો સીતાજીથી એ સીમા ન ઓળંગાઈ હોત તો? પણ કદાચ રામાયણનું હાર્દ જ એ છે કે સીમા ઓળંગવા આકર્ષાવું તે દેવો માટે પણ જાણે કે નિર્મિત છે તો સામાન્ય માણસ માટે હોય તે તો દેખીતું છે.

વિટ્ગન્સ્ટાઇન નામનો એક આપણી સદીનો બહુ પ્રભાવશાળી દાર્શનિક છે જેને પણ સીમાઓનો પ્રપંચ બહુ આકર્ષે છે. શબ્દો, અર્થો, પદાર્થો, એમ વિશ્લેષણ કરતાં આગળ વધતાં વધતાં તે એ નતીજા પર જાણે કે પહોંચે છે કે વિચારમાત્ર એ આમ સીમાઓ, બાઉન્ડરીઝ બાંધવાનો અને ઓળંગવાનો ઉપક્રમ છે. શાસ્ત્રો - દર્શન, સૌંદર્યશાસ્ત્ર,
નીતિશાસ્ત્ર, તર્ક - આ બધું વિવિધ સીમાઓ બાંધી વસતું વિચારસામ ્રાજ્ય છે, અને મૂલતઃ તો આ બધી રમતો છે, ગેમ્સ છે.

માણસની સીમાઓ રચવાની ખાસિયતની ચરમ સિદ્ધિ એ તેણે શોધેલી રમતોમાં રહેલી છે. શેતરંજની રમતનાં કાળાં-ધોળાં ખાનાં, અને એ સીમાઓમાં રહી ચાલતાં વિવિધ મહોરાંની ચાલ -- એથી વધુ અર્થપૂર્ણ શોધ કઈ છે? એમાં મને પ્યાદાં સહુથી વધુ ગમે છે : ચાલે સીધાં, મારે આડાં. કેટલાક માણસો પણ એવાં નથી હોતાં?

એમ તો પત્તાંની રમતમાં પણ સીમા છે. માટે તો આપણો કવિ અખો આ બાવનની બાજીની મર્યાદાથી અકળાતો દેખાય છે. તેને ખપ એ તેપનમા પત્તાની છે જે રમતની સીમાની બહાર છે.

ખરી મજા સીમા ઓળંગવાની છે, પછી તે તેપનમા પત્તા સુધી પહોંચવાની હોય કે ક્રિકેટના મેદાનને હોય તેમ બાઉન્ડરી, સીમાને ઓળંગી રેકોર્ડ તોડવાની હોય.

(નિબંધસંગ્રહ 'શેરી'માંથી સાભાર)

## એકવારના ગોકુલમાં
### જયંત પાઠક

એકવારનું એ ગોકુલ
એ ગોરજઘેર્યો નેસ
ગોઠિયા સાથે ગોરસચોરી
વનરાવનમાં રમવું-ભમવું
ગોપી સંગ ઠીઠોરી;
ચાંદની રાતે રાસ
વાટે-ઘાટે, કદમ્બડાળે ચઢી
મૂકવા વહેતા વાંસળીસૂર
જિમ જમનાનાં પૂર.
એકવારનું એ ગોકુલ છોડ્યું કે પછી તો -
મથુરા, કુબ્જા, કંસ
અશ્વની રાશ, સુદર્શન, ધ્વંસ
કુરુક્ષેત્ર ઘમસાણ રક્તનું સ્નાન
શાપ, જાદવાસ્થળી અને એ એકલવાયું પ્રયાણ
પાનીમાં એક અજાણ્યું બાણ અને હત પ્રાણ.
એકવારના છોડેલા ગોકુલમાં પાછા અવાતું નથી.

('પરબ'માંથી સાભાર)

જિંદગી એક છાબ છે.
( છાબમાં કંઈને કંઈ અવનવું મળી આવતું જ હોય છે. નાના નાના પ્રેરણાદાયક, રમુજી કે વિચાર કરી મૂકતા પ્રસંગો અને ટચૂકડા, દસ લીટીથી ઓછામાં કહેવાય તેવા મોકલી આપો.)

## અખંડ આનંદ
### સુચી વ્યાસ ફિલાડેલ્ફીઆ

મિત્રતા, મમતા, મજા શું હોય તે જાણવા ફિલામાં આવવું પડે, રહેવું પડે, ટેમ્પલ યુનિવર્સિટીમાં ઇન્ડિયન સ્ટુડન્ટ એસોસિયેશનમાં માથા ફોડી, ફોડી રાસ-ગરબા, ભાંગડા કરવા પડે, અશોક છોટાઈના દોસ્તાર બનવું પડે!

૧૯૭૦માં અશોક છોટાઈ સાથે પહેલાં મારામારી પછી પાક્કી દોસ્તી થાય છે. વર્ષોની ભાઈબંધી પછી ખબર પડે છે છે કે સાલ્લો અશકો રાજકોટની રાષ્ટ્રીયશાળાના બાળમંદિરમાં ભેગો ગુડાણો હતો તો છેક જિંદગીના છેલ્લા શ્વાસ સુધી જીવ સટોસટીનો બટ્ટમચુર દોસ્તાર!

એક ડિસેમ્બરની ૩૧મીએ બપોરે અશોકે મને ફોન કરી કહ્યું 'સુચી, મને આ દેશીની ન્યુ ઇયર પાર્ટીમાં લઈ જા ને! હું તારી સાથે આવીશ.'

મેં ધડ કરતીકને ના પાડી, 'જા, સાલ્લા તને નથી લઈ જવો. તું તો એક સુરદાસ - ધૃતરાષ્ટ્ર. હું કાંઈ તારી ગાંધારી નથી. મારે તારું બેબીસિટિંગ કરવું પડે, તને પેશાબ કરવા લઈ જવો પડે, કોટ પહેરાવવો, ખાવાનું લાવી દેવું! મને આજે બહુ કંટાળો આવે છે. તારી જાડી શેલીને કે' ને લઈ આવે! તારી વહુ જલસા કરે અને મારે તારી આ બધી લપ કરવી?'

સાંજે ઘરે આવી ગિરીશને વાત કરી કે અશોક છોટાઈ લોહી પી ગયો. As usual, ગિરીશે કહ્યું 'ના, ના, એને લઈ જશું. આપણો દોસ્તાર છે. ' હું ખીજાણી, 'તમે કંઈ એનું જરાય લાલનપાલન કરતા નથી, મારે જ એનું ધ્યાન રાખવું પડે છે.'

અશોકને ખરાબ ડાયાબિટીસ હતું. છેલ્લા પાંચ-છ વર્ષથી આંખો ખોઈ બેસેલો. કિડની પણ ઉધાર નવી નાખેલી. અનહદ કોમ્પ્લેક્સ મેડિકલ પ્રોબ્લેમ્સ છતાં હંમેશા હસતો, રમતો, ગાતો, નાચતો અશોક હતો. કેમ છો પૂછીએ તો જવાબમાં એક જ સ્લોગન 'અખંડ આનંદ!' વાપરતો. જીવનની હરેક ક્ષણે અખંડ આનંદ જીવી ગયો.

આમ અમે વર-બૈરી બાઝતાં બાઝતાં અશોકને એના ઘરે લેવા ગયાં. સરસ મજાનો ઢિંગલો તૈયાર કર્યો હોય તેમ શેલીએ તેને શણગારીને તૈયાર રાખેલો. ધૃતરાષ્ટ્રે ગાંધારીનો હાથ પકડી લીધો. આખી રાત પાર્ટીમાં મજા કરી રાત્રે બે વાગે ઘર ભેગો કરી દીધો. શેલીને કહ્યું 'આ તારો બાબો પાછો.' અશોકે કહ્યું કે 'Suchali, you are my other woman.' અશોક રાજકપૂરનો પ્રેમી એટલે એક એનો ડાયાલોગ માર્યો,

'સીધી ચલી જાના,
વાપિસ મુડકે નહીં દેખના.'

તે સાંજ, મારી ન્યુ ઈયરની છેલ્લી મુલાકાત, દોસ્તીનો છેલ્લો લહાવો.

મારા વહાલસોયા ભાઈબંધની યાદમાં ઘરમાં પિઓનીના બે છોડ વાવ્યા છે. દર વર્ષે અશોકની જેમ 'અખંડ આનંદ' એમ બોલતાં એ મને પાછા હસાવે છે, રડાવે છે.

## મહેન્દ્રભાઈ મેઘાણી
### અશોક વિદ્વાંસ પ્લેઈન્સબરો, ન્યુ જર્સી

મહેન્દ્રભાઈ મેઘાણીનો મારે પરિચય આપવો હોય તો એમને 'એક વડીલ મિત્ર' તરીકે સંબોધવાનું મને સૌથી વધુ ગમે. મને સહુ પહેલા મહેન્દ્રભાઈ સાંભરે છે એ સોનગઢ (સૌરાષ્ટ્ર)ની ભગતવાડીમાં જોયેલા. માંજરીઘારી અને પ્રેમાળ આંખોવાળા, નાની દાઢીવાળા, ને દિલખુલાસ હાસ્યવાળા મહેન્દ્રભાઈ. ૧૯૫૦-૫૨ની આસપાસનો સમય હશે. હું આઠ-દશ વર્ષનો. ભગતવાડીમાં આવેલ આર.આર. શેઠની કંપનીના છાપખાનામાં 'લોકમિલાપ' માસિક છપાય. એના કામ અંગે તે ત્યાં આવતા હશે એવી સમજ તો ઘણા સમય પછી આવી. પણ એમના આકર્ષક વ્યક્તિત્વની છાપ તો નાનપણથી જ મગજ પર કોરાઈ ગયેલી છે.

આપણી ભાષામાં -- મૂળ સંસ્કૃતમાંથી આવેલ -- એક અતિશય અર્થવાહી શબ્દ છે, નિષ્ઠા. જોડણીકોશમાં એના અંગ્રેજી પર્યાયી શબ્દો તરીકેક faith, loyalty, confidence, concentration, aim એમ ઘણાં બધા શબ્દો આપ્યા છે. આ બધા શબ્દસમુહનું વૈયક્તિક ચિત્ર જોવું હોય તો મહેન્દ્રભાઈને જુઓ એમ નિઃસંકોચ કહી શકાય. અભ્યાસથી મહેન્દ્રભાઈ પત્રકાર. સમજપૂર્વક એમણે એક ધ્યેય

અપનાવ્યું કે સારા સાહિત્યનો પ્રસાર કરવો. આમજનતાના મનની ત ંદુરસ્તી માટે સુવાચ્ય સાહિત્ય ખૂબ જ કિફાયત કિંમતે ઉપલબ્ધ કરી આપવું, અને તેને વાંચક સુધી પહોંચાડવું. બસ, પછી તો આ એમની જીવન નિષ્ઠા બની ગઈ. મન, તન અને જેટલું ઉપલબ્ધ હતું તેટલું ધન એમણે એમની આ નિષ્ઠા માટે ભેટ ધરી દીધાં. ૧૯૫૦ના અરસામાં શરૂ થયેલી આ નિષ્ઠાયાત્રા આજે અડધી સદી પછી પણ એકધારી ચાલુ છે. પ્રસિદ્ધ અંગ્રેજી માસિક રીડર્સ ડાઈજેસ્ટને નમૂના રૂપે સ્વીકારીને ૧૯૫૦ના પ્રજાસત્તાકસ્વાતંત્ર્ય દિવસે એમણે 'મિલાપ'નો પ્રથમ અંક બહાર પાડ્યો. અન્યત્ર પ્રસિદ્ધ થયેલ ઉત્તમ સાહિત્ય, સમાચાર, ઘટના કે માહિતી એકત્ર કરીને 'મિલાપ' દ્વારા લોકો સુધી પહોંચાડવી એને મહેન્દ્રભાઈએ પોતાનો ધર્મ માન્યો. અને પછી તો એકાદ યોગીની નિષ્ઠાથી એમણે એ ધર્મનું આજ સુધી પાલન કર્યું.

પૂરી ધગશ અને ઉત્સાહથી એમણે 'મિલાપ' માસિક ૨૭ વર્ષ સુધી ચલાવ્યું. સંજોગવશાત્ એ બંધ થયું. પણ સાહિત્યપ્રસારનો પોતાનો ધર્મ બાજુએ મૂકવાનું મહેન્દ્રભાઈને કબૂલ નહોતું. ૧૯૬૯નું વર્ષ એ ગાંધી જન્મશતાબ્દિ વર્ષ હતું. ભારતના ચાર સપૂત - વિવેકાનંદ, ગાંધી, રવીન્દ્ર અને અરવિંદ - નું સાહિત્ય ગાંઠે બાંધીને મહેન્દ્રભાઈ અને લોકમિલાપ ટ્રસ્ટના અન્ય પ્રતિનિધિઓએ દુનિયાના અનેક દેશોની મુલાકાત લીધી. ઠેકઠેકાણે આ પુસ્તકોનાં પ્રદર્શનો આયોજ્યાં, અને ભારતનો આ ખજાનો દુનિયાના ખૂણે ખૂણે પહોંચાડ્યો. આ સમસ્ત પ્રકલ્પના આયોજન અને અમલમાં મહેન્દ્રભાઈની ચોકસાઈ અને વ્યવસ્થાશક્તિ સતત નજરે પડે છે. આયોજન એવું વ્યવસ્થિત હતું કે પ્રદર્શનો દ્વારા થયેલાં પુસ્તકોના વેચાણમાંથી જ આખી યોજનાનો - પ્રતિનિધિઓના પરદેશ પ્રવાસ સહિત - બધો જ ખર્ચ નીકળી શક્યો.

'સારું સાહિત્ય વાચકો સુધી પહોંચાડવું' એ નિષ્ઠાની એક વધુ અભિવ્યક્તિ સ્વરૂપે લોકમિલાપ ટ્રસ્ટ તરફથી આગોતરા ગ્રાહક નોંધી, અતિશય વ્યાજબી કિંમતે કેટલુંક અપ્રાપ્ય સાહિત્ય ફરી ગ્રંથસ્થ કરીને, છપાવીને, એ બધા ગ્રાહકોને મુદત પૂરી થવા પહેલાં જ પહોંચતું કરવું: આવી એક સુંદર યોજના અનેક વખત ઘડવામાં આવી અને સફળતાપૂર્વક પાર પાડવામાં આવી. અનેક લેખકોના વાર્તાસંગ્રહ, અનેક કવિઓના કવિતા સંગ્રહ, નવલકથાઓની સંક્ષિપ્ત આવૃત્તિ વગેરે અનેક સ્વરૂપમાં આવું સુંદર સાહિત્ય મહેન્દ્રભાઈના શ્રમ દ્વારા લોકો સુધી, સતત વહેતી સરિતા માફક વહ્યા જ કર્યું છે. એક જ યોજના હેઠળ જ્યારે આવા બે-ચાર પુસ્તકોનો સંગ્રહ રજૂ થયો ત્યારે એને 'સંપુટ' એવું સુંદર નામ આપવામાં આવ્યું. "આગોતરા ગ્રાહક" અને "સંપુટ" એ બંનેના શબ્દોને મહેન્દ્રભાઈએ સાર્થક કરી બતાવ્યા.

મોઢાંમાંથી ' અધધધ..." શબ્દો સરી પડે એટલું બધું કામ પચાસથી વધુ વર્ષો સુધી કરનારા મહેન્દ્રભાઈની અંગત જરૂરિયાતો ખૂબ ઓછી છે. ઘણાંને ખબર નહીં હોય પણ પોતાના પૂરતાં રોટલા કે રોટલી બનાવી શકાય એટલો બાજરાનો કે ઘઉંઘઉંનો લોટ મહેન્દ્રભાઈ રોજ સવારે ઊઠી, ઘંટીએ બેસીને જાતે જ દળી લે છે. આજથી ત્રીશ વર્ષ પહેલાં મારા પિતાજીની પંચોતેરમી વર્ષગાંઠ અમે ભાવનગરમાં ઉજવી. જમણમાં પકવાન્ન તરીકે ચૂરમાના લાડવા કરેલા. એ બધા લાડવા માટેનો લોટ મહેન્દ્રભાઈ જાતે દળીને અમારે ત્યાં પહોંચાડી ગયેલા. પ્રેમ અને આદર વ્યક્ત કરવાની આવી અદ્‌ભુત રીત જોઈને હું તો અક્ષરશઃ આભો બની ગયેલો. એક સમય એવો હતો કે જ્યારે લોકમિલાપની ઓફિસે પહોંચવા માટે મહેન્દ્રભાઈને અમારા ઘર સામેથી ચાલતાં જવું પડે. આશરે અડધા-પોણા માઈલનો એ પગપાળો પ્રવાસ કરતાં કરતાં જ મહેન્દ્રભાઈ મૂઠી ભરીને શીંગ ખાઈ લે. આ એમનો સવારનો નાસ્તો!

વાચકો સુધી સરસ સાહિત્ય પહોંચતું કરવાની મહેન્દ્રભાઈની લગન એટલી તીવ્ર છે કે ભાવનગરમાં મેં અનેક વખત મહેન્દ્રભાઈને હાથલારીમાં પુસ્તકો મૂકીને ગામના ચોકમાં ઊભા રહેલા જોયા છે. સાંજ પડ્યે એકાદ શાકવાળાની માફક જ એ હાથલારી ઠેલીને મહેન્દ્રભાઈને પાછા લોકમિલાપની ઓફિસ સુધી ચાલીને પાછા આવતા પણ જોયા છે. વિચારપૂર્વક કામ હાથ ધરવું, અને કામ હાથ ધર્યા પછી એને પૂરું કરવા માટે શારીરિક ધગશ, હૃદયની લગન અને બુદ્ધિપૂર્વકની નિષ્ઠાથી સતત મંડી પડવું, આ જ જાણે મહેન્દ્રભાઈનું જીવન થઈ ગયું છે.

આટલાં વર્ષોથી, સતત (મહેન્દ્રભાઈએ કદી પણ વેકેશન કે રજા લીધાં હશે એવી શક્યતા જ નથી) આટલું લૂં ભગીરથ કામ કર્યા છતાં મહેન્દ્રભાઈ થાકતા કેમ નથી? આગાઉ અનેક વખત મને આ સવાલ થ યો'તો. પણ એક વખત મહેન્દ્રભાઈએ લખેલ નાનકડું લખાણ વાંચ્યું ને પછી એ સવાલ જ ઊભો ન રહ્યો. એ લખાણનું મથાળું હતું "ન કરેલા કામનો થાક". બહુ જ થોડા શબ્દોમાં આ વાત મહેન્દ્રભાઈએ સચોટતાપૂર્વક સમજાવી હતી. કામ કરીએ, અને ધાર્યું હોય તે પૂરું થ ાય તો પછી એનો થાક નથી લાગતો. પણ જો કામ ન કરી શકીએ અને આળસને કારણે એને પાછું ઠેલતાં રહીએ તો એવા ન કરેલા કામનો બોજો રહે છે. એ બોજાનો જ આપણને થાક લાગે છે. મહેન્દ્રભાઈએ કદી ધરેલું કામ પાછળ ઠેલ્યું નથી. પ્રોક્રેસ્ટિનેશન એમના લોહીમાં જ નથી. ને એટલે જ, ન કરેલું કામ ભેગું થઈને એમના મગજ પર બોજો નથી કરતું. અને એટલે જ, મહેન્દ્રભાઈ થાક્યા વિના કામ કર્યે જ જાય છે.

ગુજરાતી સમાજ, ગુજરાતી ભાષા બોલનાર પ્રત્યેક વ્યક્તિ મહેન્દ્રભાઈના ઋણી છે. આવા મારા વડીલ મિત્ર મહેન્દ્રભાઈને હું પ્રેમ અને આદરપૂર્વક વંદન કરું છું.

## ડિટ્ટો

## કિશોર રાવળ

ઉપરનો અશોક વિદ્વાંસનો લેખ વાંચી મને પણ મારા મહેન્દ્રભાઈના ટૂંકા પરિચય પછી તેમના વિષે એક રોકી ન રોકાઈ એવી લખવાણી લાગી. તેમના ગુજરાતી લિપિ ઉપરના 'પ્રયોગો ઉપર' લખી શકાય,'ઘોડો તરસ્યો જ છે, પાણી આગળ જવાની જ તેને આળસ છે, પાણી તેની પાસે લઈ જઈએ ને એ પીવે કેમ નહીં' એવી એક અડગ

શ્રદ્ધાથી ગામડે ગામડે ફરીને કરેલી વાંચન યાત્રા પર લખી શકાય, પણ એને બદલે તેમની આ મુલાકાત દરમિયાન જાણવામાં આવેલા તેમના એક નવા પાસા વિષે લખું. અને એ સમય પ્રમાણે નિયમિત રહેવાની એમની ચીવટ.

કાર્યક્રમ ત્રણ વાગે શરૂ થવાનો હોય તો પાંચ માણસો હોય કે પચાસ તેમનું વાંચન શરૂ થઈ જવાનું જ. અને નિશ્ચિત સમયે પૂરું થવાનું જ.

તેમણે ભાવનગરમાં લોકોને સારી સારી વિદેશી ફિલ્મો દેખાડવાનો કાર્યક્રમ શરૂ કરેલો. નવ વાગે કાર્યક્રમ શરૂ થવાની જાહેરાત થઈ હોય પણ લોકો પાંચ દસ પંદર મિનિટ મોડાં આવે. તે જોતાં તેમણે નવ વાગે બારણાં બંધ કરી જેટલાં પ્રેક્ષકો હોય તેનાથી શો શરૂ કરવા લાગ્યા અને લોકો નિયમિત આવવા લાગ્યાં.

અને મને અહીંનો એક બીજો અનુભવ નજરે આવ્યો. ત્રણ વાગ્યાના કાર્યક્રમમાં કોઈ પણ કારણસર થોડાં માણસો મોડાં આવ્યા અને છ વાગે કાર્યક્રમ શરૂ થયો. એથી પણ કોઈ મોડા આવ્યા ત્યારે તે વખતના વક્તાને રોકી,'આવો,આવો ભાઈ, આણી કોર આવો, અહીં બેસો...ના,ના, ત્યાં નહીં મારી બાજુમાં આવો...'એમ કહી નવા આગંતૂકને સમાડવામાં આવે અને પછી જેમની વાતમાં ખલેલ પહોંચી હોય તેને 'આ ભાઈ એ સાંભળી શકે એટલે પહેલેથી જ શરૂ કરો' એમ સૂચન અપાય! અને આવો અનુભવ આ એક જ નથી. મેં અવારનવાર આમ થતું જોયું છે.

પ્રગતિને પહેલે પગથિયે આપણે ઇન્ડીઅન સ્ટ્રેચેબલ ટાઈમ વિષેની રમૂજો બંધ કરી જરા શરમીંદા થતાં શીખીએ તો કેમ?

## બીચ પર

**આદિલ મન્સૂરી** હોબોકન, ન્યુ જર્સી

એમ દરિયો ઊઘડે છે બીચ પર
વસ્ત્ર સૌ ટૂંકા પડે છે બીચ પર
તડકાનાં વસ્ત્રો બધા કાંઠે મૂકી
સૂર્ય પણ નહાવા પડે છે બીચ પર
ભરતીનાં મોજાંઓમાં ઘસડાઈને
જલપરી આવી ચડે છે બીચ પર
રેતમાં ખરડાયેલાં સૌ બાળકો
કેવાં છબછબિયાં કરે છે બીચ પર
ભાવિના ઘડવૈયા નાનાં બાળકો
રેતમાં કિલ્લા ચણે છે બીચ પર
બાળકોની સાથે કૈં વૃદ્ધો અહીં
છીપલાં વીણ્યાં કરે છે બીચ પર
રેતમાં ઊંધા પડેલા માણસો
સૂર્યને છત્રી ધરે છે બીચ પર
લોક નૌકાની સવારી માણતા
વીજવેગે ધસમસે છે બીચ પર
વહેલ જેવી માછલી પકડાય તો
ટોળેટોળાં ઊમટે છે બીચ પર
ઘર કિનારાના પડી ભાંગે કે જ્યાં
મોજાં માથું ઊંચકે છે બીચ પર
છીપ સૌ ખોલી જુઓ તો છેવટે
હા ગઝલમોતી જડે છે બીચ પર

મીઠાં શમણાં વસમાં શૂળ
મારી ગઝલોનાં બે મૂળ

અમૃત ઘાયલ

## ગૌરવની વાત

**ભોળાભાઈ પટેલ**

શ્રેષ્ઠ સાહિત્યિક ઉપલબ્ધિઓ માટે વર્ષ ૨૦૦૧નો દેશનો સર્વોચ્ચ ગણાતો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર આપણા મૂર્ધન્ય કવિ શ્રી. રાજેન્દ્ર શાહને આપવાની ઘોષણા થતાં સમગ્ર ગુજરાત અને ગુજરાતીભાષા સમાજમાં હર્ષ વ્યાપી ગયો છે.

૧૯૬૬થી આ પુરસ્કાર શરૂ કર્યા પછી બીજે જ વર્ષે ૧૯૬૭માં 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે કવિ શ્રી ઉમાશંકર જોશીને આપવામાં આવ્યો હતો. ૧૯૮૫માં પન્નાલાલ પટેલને તેમની ઉત્તમ નવલકથાઓ માટે અપાયો હતો. ઘણા સમયથી અપેક્ષા હતી કે ગુજરાતી ભાષાને ઉત્તમ કાવ્યસર્જનથી સમૃદ્ધ કરનાર કવિ રાજેન્દ્ર શુક્લને આ પુરસ્કાર મળવો જોઈએ. અઢાર વર્ષના ગાળા પછી ગુજરાતી ભાષાને આ પુરસ્કાર મળતાં પ્રત્યેક ગુજરાતીને ધન્યતા અને ગૌરવની લાગણી થાય તે સ્વાભાવિક છે.

૧૯૧૩માં જન્મેલા કવિ રાજેન્દ્ર શાહ એક રીતે તો સુન્દરમ્-ઉમાશંકરની પેઢીના ગણાય. પરંતુ ગાંધી યુગની આબોહવામાં શ્વાસ લેવાં છતાં, રાષ્ટ્રીય આંદોલનોમાં ભાગ લેવાં છતાં, આ કવિ એ પેઢીથી બ્રેક-ઓફ કરે છે. સુંદરમ્-ઉમાશંકર-શ્રીધરાણીની સમાંતરે લખવાં છતાં કવિ રાજેન્દ્ર શાહે પોતાની આગવી કેડી કંડારી છે.

૧૯૫૧માં પ્રગટ થયેલો રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' સંગ્રહ પોતાના સમકાલીન મેજર કવિઓથી કેટલો બધો જુદો છે? બીજા એવા જ કવિ નિરંજન ભગતે 'છંદોલય' અને 'કિન્નરી' નામના સંગ્રહો આપ્યા હતા. 'છંદોલય'માં એ કવિ એ સમયની મુખ્યધારાથી કેટલું જુદું ભાવજગત ધરાવે છે?

૧૯૪૦માં કવિ પ્રહ્લાદ પારેખ રવીન્દ્રનાથની સૌંદર્યચેતના સાથે 'બારી બહાર' કાવ્યસંગ્રહ લાવ્યા હતા જેની પ્રસ્તાવનામાં કવિ ઉમાશંકરે 'આંખ નાક કાનની કવિતા' એવું અભિધાન આપ્યું. 'ધ્વનિ'ને એની સૌંદર્ય ચેતનાને લીધે પ્રહ્લાદ પારેખના 'બારી બહાર'ના સંગ્રહનો સગોત્ર ગણીએ તો પણ ગહનતા અને ગાંભીર્યમાં અને કાવ્યકળાના કૌશલ્યમાં 'ધ્વનિ' ચઢિયાતો સંગ્રહ બની રહે છે. ગુજરાતી કવિતામાં એક નવો રાજેન્દ્ર-નિરંજનયુગ બેઠો.

'ધ્વનિ' જયારે પાઠ્યપુસ્તક નિમાયું, ત્યારે ગુજરાતીના રૂઢ અધ્યાપકોને એને ભણાવતા મૂંઝવણ થાય તેમ હતું. આ સ્થિતિને લક્ષમાં લઈ એની નવી આવૃત્તિમાં નિરંજન ભગતે મહત્વના કાવ્યોના અર્થનિર્દેશ લખી પરિશિષ્ટ જોડ્યું - તે પણ નવ્ય વિવેચનાના પગરણરૂપ હતું. ગુજરાતી કવિતા ક્ષેત્રે પ્રતીક-કલ્પનનો મહિમા વધ્યો, બોધપ્રધાનતા અને 'દ્વિજોત્તમ જાતિ'ની કવિતાની પ્રતીષ્ઠા ઓછી થઈ. હસમુખ પાઠક, પ્રિયકાન્ત મણિયાર અને નલિન રાવળ જેવા કવિઓએ આ કાવ્યધારાને પોતાની વિશિષ્ઠ અભિનવ કાવ્યરચનાઓથી પુષ્ટ કરી.

રાજેન્દ્ર શાહના 'ધ્વનિ' પર નવા કવિઓની પેઢી તૈયાર થતી ગઈ. એ વખતે 'કુમાર' એ આ નવ્ય કવિતાના પ્રસૂતિગૃહ જેવું હતું. અમારી ૧૯૩૦ની પેઢીમાં જન્મેલાઓ મહિને મહિને 'કુમાર'ની પ્રતીક્ષા કરતાં. બચુભાઈ રાવતે અનિયતકાલિક 'કવિતા' પત્રિકા શરૂ કરી, રાજેન્દ્ર શાહે સુરેશ દલાલ સાથે 'કવિલોક' દ્વૈમાસિક શરૂ કર્યું.

'ધ્વનિ'નું પ્રથમ કાવ્ય 'નિરુદ્દેશે' રાજેન્દ્ર શાહની અર્ધશતાબ્દિ વ્યાપી કવિતાસાધનાની નાંદી જ નહીં, ભરતવાક્ય પણ છે :

નિરુદ્દેશે
સંસારે મુજ મુગ્ધ ભ્રમણ
પાંશુ-મલિન વેશે...
ક્યારેક મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ
ક્યારેક મને સાદ કરે છે
કોકિલ મધુર-કંઠ;
નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ,
મન મારું લઈ જાય ત્યાં જાવું
પ્રેમને સન્નિવેશે...

'આયુષ્યના અવશેષે'ની સોનેટમાળા તો ગુજરાતી કાવ્યરસિકોનો કંઠહાર અને ગુજરાતી કવિઓનો આદર્શ બની ગઈ!. 'ખડ ખડ થતી ને ખોડંગાતી એ જુની ડમણી' નવીન કવિતાની સામગ્રી અભરે ભરીને આવી હતી. ગાંધી યુગ પછીની કવિતાને પોતાનાં દિશા-દૃષ્ટિ મળ્યાં.

તેમના લયાન્દોલથી ઝૂમતા અને એ ગીતોને ગુંજતા અનેક ભાવકો ત્યારે હતાઃ

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે

કે

મને જરા ઝૂંક વાગી ગઈ
માલતીની ફૂલ કોમળી તોયે ડૂંખ લાગી ગઈ

અથવા

વાગે રે વરણાગિયું લીધું હાથમાં વાસણ ઠાલું.

'ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર' ગીત તો કોઇ ચાર પાંચ મિત્રોની સંગતિમાં શરૂ કરતાં તુરત કોરસમાં ગવાવા લાગે. 'આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર' જીવનમા કટોકટીને ટાણે ધારક બળ બને. એવી રીતે ભજનના ઢાળમાં ગવાતું એક ગીત છે.

કાયાને કોટડે બંધાણો
અલખ મારો લાખેણા રંગમાં રંગાણો

કે પછી

આપણે આવળ બોરડી,
કેસર ઘોળ્યા ગલના ગોટા જી;
હલકા તો પારેવાની પાંખથી,
મા'દેવથી પણ મોટાજી
આપણા ઘડવૈયા બાંધવ! ...આપણે

'શાંત કોલાહલ'ની આલોચના એ વખતે તરુણ કવિ ચિનુ મોદીએ 'શાન્ત માણસનો કોલાહલ' તરીકે કરી હતી. સુરેશ જોષીના 'ક્ષિતિજ'નાં પૃષ્ઠો પર શુદ્ધ કવિતાની વિવેચનાની ચર્ચાઓ આવવા લાગી તેનું કારણેય તે.પરંતુ નવી પેઢીનું પોતાની પુરોગામી પેઢી સાથનું આ કન્ફ્રન્ટેશન હતું. તેમાં લાભશંકર ઠાકર આરંભમાં પરંપરાનુસારી અને પછી વિદ્રોહી રૂપે પ્રકટે છે. સિતાંશુ યશશ્ચન્દ્ર અને ગુલામ મોહમ્મદ શેખ અછાંદસ અને સરરિયલ સૃષ્ટિ લઈને આવે છે. પરંતુ રાજેન્દ્ર શાહની 'ચિત્રણા' કે 'વિષાદને સાદ'ની રચનાઓય એકદમ અભિનવ પ્રકારની છે. એવી જ રીતે 'પ્રસંગ સપ્તક'માં સાત સંવાદોમાં રાજેન્દ્રની કવિતાની એક નવી દિશા જોવા મળે છે.

રાજેન્દ્ર શાહની કાવ્યબાની છ દશકની કાવ્યયાત્રામા લગભગ બદલાઈ નથી. એ બહુધા તત્સમ સંસ્કૃતપ્રધાન છે. 'તેજછાયાના લોકમાં'માં હંમેશા 'પ્રસન્ન વીણા' પર 'પૂરવી' છેડી છે. આ કવિએ કવિતાઓ રચી નથી, એ રચાઈ ગઈ છે. એમના શબ્દો પ્રયોજીને કહીએ તો એમની દરેક કવિતા એમનું 'જીવનચરિત્ર' છે. ૯૦ વર્ષની વયે પણ યૌવનની પ્રફુલ્લતાનો અનુભવ એમની નિકટ રહેવા મળતી બે ક્ષણોમાં પણ થઈ જાય તેવી ભરપૂર પ્રસન્નતા એમના અંતઃબાહ્યમાં વસે છે.

એક નાનકડી રૂપરમ્ય કવિતા બચુભાઈના 'કવિતા'ના પહેલા અંકમાં હતી. સાંભળ્યું છે કે 'કવિતા'નો પ્રથમ અંક સમૃદ્ધ લાગે માટે 'કુમાર'માં મૂકવાને બદલે અહીં લેવી પડી અને એનો બચુભાઈને થોડો વસવસો હતો.

મન મારું નથી ભ્રમણે ભૂલ્યું
કોઈ ન એનો વાંક,
સાવ રે અભણ
તોય વેળાનો આવડ્યો એને આંક
લાખ મહીંથી લીધ રે ગોતી
એક નિરાળા તેજનું મોતી
અવરની પંચાત શીમારે.
અવર તે સૌ રાંક...

આ કવિને કબીરની જેમ નિરાળા તેજનું 'મોતી' મળી ગયું છે. રાજેન્દ્રની કવિતા વારંવાર વાંચતા રહ્યા છીએ, 'ધ્વનિ' યુગની આરંભની રચનાઓ કંઠસ્થ થઈ જાય ત્યાં સુધી પણ પ્રત્યેક વાચને નવો આનંદ આપે તેમ ખૂલતી જાય. કવિતાના અનુશીલનની એ જ તો પ્રક્રિયા છે. તેમના જ ગીતની પંક્તિઓથી આ ચિંતનપ્રિય કવિની અર્થગર્ભ કવિતા વિશે કહીશ કું

તને જોઈ જોઈ તો ય તું અજાણી
(જાણે) બીજને ઝરુખડે ઝૂકી'તી પૂર્ણિમા
ઝાઝેરો ઘૂમટો તાણી

ગુજરાતી ભાષા અને ગુજરાતને ગૌરવ અપાવનાર કવિ રાજેન્દ્ર શાહનું આપણે સૌ પ્રણામપૂર્વક અભિવાદન કરીએ.

(શબ્દસૃષ્ટિમાંથી પ્રયોજીને સાભાર)

કો શબ્દના અક્ષર સમા સૌ આપણે કેવા નિકટ!
અર્થ કિંતુ એક ના એનો થતો!

પ્રિયકાન્ત મણિયાર

## થોડી નોંધઃ

**અવસાન** : જયંત હિંમતલાલ પાઠક (૧૯૨૦-૨૦૦૩) :

શ્રી જયંત પાઠકના ૧ સપ્ટેમ્બર, ૨૦૦૩ના અવસાનથી ગુજરાતે એક સમર્થ કવિ, વિવેચક અને સંસ્મરણલેખક ખોયા છે. વ્યવસાયે તેઓ માધ્યમિક શાળાના શિક્ષકથી શરૂઆત કરી, થોડો સમય પત્રકારત્વમાં ગાળી ૧૯૫૩ પછી નિવૃત્તિપર્યંત સૂરતમાં ગુજરાતીના પ્રોફેસર રહ્યા.

આધુનિક કવિતાના પ્રદેશમાં એમણે પાડેલો ચીલો એમના કાવ્યસંગ્રહો 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'સર્ગ', 'અંતરીક્ષ', 'અનુનય', 'મૃગયા', 'શૂળી ઉપર સેજ', વગેરેમાં દેખાય છે. એમની કવિતાને અસલ વતન વતનનાં સંસ્મરણોનું આલેખન કરતી ગદ્યકૃતિઓ 'વનાંચલ' અને 'તરુરાગ'માં મળતું ગણાય છે. આ બે ગદ્યકૃતિઓ આધુનિક ગુજરાતી સાહિત્યમાં માનની દૃષ્ટિથી જોવાશે.

એમણે સમતોલ, ગંભીર અને વિવેકપૂર્ણ વિવેચના આપી છે. ૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા, તેનાં પરિબળો અને અને સિદ્ધિને આલેખતોઇતિહાસગ્રંથ 'આધુનિક કવિતાપ્રવાહ' (૧૯૬૫) ગુજરાતી સાહિત્યને એમનું મોટું પ્રદાન છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૯૯૦-૯૧ના પ્રમુખ રહેલા શ્રી જયન્ત પાઠકને મળેલાં બીજા બહુમાનોમાં રણજિતરામ સુવર્ણચન્દ્રક (૧૯૭૬), ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક (૧૯૮૨-૮૩) અને સાહિત્ય અકાદમી, દિલ્હી અવોર્ડ (૧૯૭૯) એ નોંધપાત્ર છે.

જયંત પંડ્યા એમના કાવ્યમાં જયંત પાઠકને ઉદ્દેશીને કહે છે :

તમે સૌભાગી કે વન-વતનનો મર્મર ગ્રહી
તરુરાગે વીંટી દ્રુમદલ રચ્યાં ભાવક-ઉરે
વિના-રાગે; પછી જન્મભૂમિની સોડમ લઈ
જુના ગાડાચીલે, નગરરાગમાં ઠાલવી તમે!

## વિમોચનઃ

નીલેશ રાણાના વાર્તાસંગ્રહ 'અનામિકા'નું સુરેશ દલાલને હાથે. ૨૦ સપ્ટેમ્બર

પન્ના નાયકના વાર્તાસંગ્રહ 'ફ્લેમિંગો' નું સુરેશ દલાલને હાથે. ૨૧ સપ્ટેમ્બર

હરિહર ભટ્ટના કાવ્યસંગ્રહ 'હૃદય રંગ-હૃદય નૃત્ય' મધુ રાયના હાથે. ૧૯ ઓક્ટોબર

## રસાસ્વાદ

સુરેશ દલાલે ફિલાડેલ્ફીઆમાં ત્રણ દિવસના કાર્યક્રમમાં ગુજરાતના કવિઓનો તેમની અનેરી શૈલીથી પરિચય કરાવ્યો. પહેલે દિવસે નરસી મહેતા, મીરાબાઈ, દયારામ, પ્રેમાનંદ, બીજે દિવસે કાન્ત, બ.ક.ઠા, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, પ્રહ્લાદ પારેખની વાતો કરી અને છેલ્લે દિવસે આજના કવિઓ રમેશ પારેખ, નલિન રાવળથી સમાપ્તિ કરી. સાથે ઉત્પલ ભાયાણીએ તેમની લઘુકથાઓ વાંચી અને મહેશ દવેએ થોડી કવિતાઓ વાંચી.. સપ્ટેમ્બર ૨૦,૨૧,૨૨

## સંપાદકો તરફથી

અમેરિકામાં વસતાં ગુજરાતીઓને તેમની વાર્તા, કવિતા, લેખોને સુવ્યવસ્થિત મૂકવા આ 'દેશવિદેશ'ને એક ફૂલદાની તરીકે આયોજવા પ્રયત્ન કર્યો છે. સમગ્રમાં ફૂલ કરતાં ફૂલનું મૂલ્ય વધુ હોઈ ન જ શકે માટે તે મૂલ્ય વધારવાનું કામ તમારા સૌનું છે. ભારતમાં ઘણી ઘણી જાદૂઈ ચીજો લખાય છે, નવા નવા ચીલાઓ પડતાં રહે છે અને એટલે એમાંથી કૈંક સારી વસ્તુઓ ચૂંટી અહીં મૂકી પીરસવાનો મોહ ઝાલ્યો ઝલાતો નથી. પણ જયાં રોપાણાં ત્યાં પણ ખીલી ઊઠ્યાં છીએ એ દેખાડવાનું આકર્ષણ પણ એટલું જ પ્રબળ છે. તો 'કોણ આજે રહે બંધ બારણે' કહી જગત પ્રાંગણે આવી રમવાનું આમંત્રણ પાઠવીએ છીએ.

'દેશવિદેશ' શા માટે ગમ્યું તે લખી મોકલો તો ગમે જ પણ આજે જગતમાં દિવસે દિવસે વાંચનારા મળવા મુશ્કેલ થતાં જાય છે એટલે શું, શા માટે ન ગમ્યું તે કહેશો તો પણ ઘણોજ આનંદ થશે કે વાંચનારાઓએ હોંકારો તો દીધો! લેખકો, કવિઓ, વાર્તાકારો ઉપરાંત સંપાદકો બધાં માટે પ્રેરક નીવડશે. તો આવવા દેજો તમારા અભિપ્રાયો અમારા પ્રતિ....આભાર!

લેખ, વાર્તાઓ, કવિતાઓ, ચિત્રો કે ફોટોગ્રાફ માટે આમંત્રણ આપીએ છીએ. થોડાં સૂચનોઃ

૧. ૮.૫" X ૧૧" માપના કાગળ પર, એક જ બાજુએ લખી મોકલશો.

૨. પહેલે પાને મથાળે 'દેશવિદેશ માટે', લેખકનું નામ, ટપાલનું અને ઈ-મેઈલનું સરનામું, ફોન નંબર લખવા વિનતિ. બાકીના પાનાં પર પાનાના નંબર અને લેખકનું નામ જરૂરી છે. પાનાંઓને ક્રમમાં સ્ટેપલ કરી મોકલશો.

૩. ગદ્ય માટે ૧૫૦૦ શબ્દોથી વધે નહીં તો સારું.

૪. આ કામમાં આવતી બધી કૃતિઓની જોડણી ચકાસવાનું કામ ઉમેરાય તો વધુ આકરું બને. માટે ગમે તે કોશ વાપરીને પણ જોડણી ચકાસી મોકલવા વિનતિ.

૫. ચિત્રો કે ફોટોગ્રાફ ચાર કે પાંચ ઈંચથી મોટા ન હોય તો સારું. Scan કરી jpg ફાઈલ મોકલવાના હો તો તો ઉત્તમ. જરા ધ્યાન રાખજો કે resolution ૩૦૦ dpi થી વધુ ન હોય અને ચિત્રની સાઈઝ ૪ કે ૫ ઇન્ચથી મોટી ન હોય.

૬. 'દેશવિદેશ' માટે આવેલી કૃતિઓ પરત મોકલવું શક્ય નથી માટે જોઈતી નકલો કરાવી જાળવી રાખશો.

૭. કોઈ પણ કૃતિઓ માટે પુરસ્કાર આપી શકીએ તેમ નથી.

૮. કૃતિઓ નીચેના સરનામે મોકલશો.

Kishor Raval
7901 Henry Av
G109
Philadelphia PA 19128

૯. ફોન કરતાં ઈમેઈલથી પત્રવ્યવહાર વધુ ઠીક પડશે.

કિશોર રાવળ (kishor@markis.com)
જરૂર હોય તો (215) 482 0924
અશોક મેઘાણી (ashok@meghani.com)

# પ્રમુખનો પત્ર

મિત્રો,

'દેશ વિદેશ' ત્રૈમાસિકનો પહેલો અંક આપને ગમ્યો હશે. આ બીજો અંક આપ સમક્ષ મૂકતાં આનંદ થાય છે.

અકાદમીનું ઈન્ટરનેટ પરનું 'ગૃહપૃષ્ઠ' અત્યાર સુધી ભાડાની જગ્યાએ હતું પણ હવે એને પોતાનું ઘર અને સરનામું મળ્યાં છે : www.GLAofNA.com. તક મળ્યે એની મુલાકાત લેવા આપને અમારું આમંત્રણ છે. અકાદમીની બીજી માહિતી ઉપરાંત 'દેશ વિદેશ'ના અંકો પણ કોઇ પણ મૂલાકાતી ત્યાં જોઈ શકશે.

મે, ૨૦૦૩માં બહાર પડેલ શ્રી મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા' પુસ્તક આપે કદાચ જોયું હશે. ગુજરાતી સાહિત્ય-પ્રકાશનમાં નવો વેચાણ-વિક્રમ સ્થાપનાર આ પુસ્તકની એક એક નકલ ગુજરાતની ૨૦૦ શાળાઓમાં પહોંચાડવાની આપણી અકાદમીએ વ્યવસ્થા કરી છે. પોતાની પસંદગીની શાળામાં એક નકલ જાય એમ ઈચ્છતા અકાદમીના સભ્યને વહેલામાં વહેલી તકે રામ ગઢવીનો સંપર્ક કરવા વિનંતિ છે.

અકાદમીની કાર્યવાહક સમિતિ વતી આપ સહુને અમારી શુભેચ્છાઓ પાઠવું છું -- આપના દિવાળીના દિવસો પ્રકાશમય અને વિક્રમનું ૨૦૬૦મું વર્ષ સ્વાસ્થ્ય-સુખ-સભર રહો.

આપનો વિશ્વાસુ,

રામ ગઢવી

અમે તમારા થયા ક્યારના,
તમે કોઈના થયા?
કે મેઘધનુની વરસી હેલી,
તમે જ કોરા રહ્યા!
ઈંદ્ર ગુપ્તા